વર્ષ : ૪૧ ❖ અંક : ૨
ફેબ્રુઆરી - ૨૦૧૭

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# दिव्यध्वनि

આધ્યાત્મિક મુખપત્ર



મારા જીવનમાં શ્રીમદ્ રાજચંદ્રની છાપ મુખ્યપણે છે. મહાત્મા ટોલસ્ટોય તથા રસ્કિન કરતા પણ શ્રીમદે મારા પર ઊંડી અસર કરી છે.

મેં ઘણાના જીવનમાંથી ઘણું લીધું છે પણ સૌથી વધારે કોઈના જીવનમાંથી મેં ગ્રહણ કર્યું હોય તો તે કવિશ્રી ( શ્રીમદ્ રાજચંદ્ર)ના જીવનમાંથી છે.



આપણે શ્રીમદ્ રાજચંદ્રના જીવનમાંથી ચાર ચીજો શીખી શકીએ :

૧. શાશ્વત વસ્તુમાં તન્મયતા
૨. જીવનની સરળતા
૩. આખા સંસાર સાથે એકસરખી વૃત્તિથી વ્યવહાર
૪. સત્ય - અહિંસામય જીવન

- મહાત્મા ગાંધીજી

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

# સંસ્થા આયોજિત કૃપાળુદેવના તીર્થસ્થળો (વવાણિયા, મોરબી, રાજકોટ, સાયલા)ની યાત્રા વેળાએ (તા. ૨૦-૧-૧૭ થી ૨૨-૧-૧૭)



તારંગા વિહારધામ તીર્થ, ચુલી-ધ્રાંગધ્રા




પરમકૃપાળુદેવ જન્મભુવન, વવાણિયા



શ્રીમદ્ રાજચંદ્ર સ્મૃતિમંદિર, મોરબી



શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, રાજકોટ



શ્રીમદ્ રાજચંદ્ર સમાધિભવન, નર્મદા મેન્શન, રાજકોટ



આદ.મુ.દિનેશભાઈ બાવીશીના નિવાસસ્થાને, રાજકોટ

-: પ્રેરક :-
**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-
**શ્રી મિતેશ એ. શાહ**
ફોન : (૦૭૯) ૨૭૫૦૩૬૫૬

-: સ્વત્વાધિકારી :-
**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-
**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-
**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
કોબા - ૩૮૨ ૦૦૭
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯
૨૩૨૭ ૬૪૮૩/૮૪
ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-
**ભારતમાં**
ત્રિવાર્ષિક રૂા. ૪૦૦
આજીવન રૂા. ૨૦૦૦
**પરદેશમાં**
By Air Mail
ત્રિ-વાર્ષિક : Rs. 4000
$-80, £-60
આજીવન : Rs. 15000
$-300, £-220

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા

(૧) શ્રી સદ્ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫
(૨) પરમાર્થની પ્રાપ્તિમાં વૈરાગ્યનું મહત્ત્વ .......... ......................... પૂ.શ્રી આત્માનંદજી ..... ૬
(૩) ગુરુ અમૃત કી ખાન ...... ડૉ. કુમારપાળ દેસાઈ ... ૧૦
(૪) સમાધિતંત્ર-અમૃતરસપાન...પ્રા.ચંદાબહેન પંચાલી ... ૧૩
(૫) શ્રી દર્શનસ્તુતિ-એક અનુચિંતન...પૂજ્ય બહેનશ્રી ... ૧૭
(૬) શ્રી દેવચંદ્રજી ચોવીશી..શ્રી અશોકભાઈ પી. શાહ ... ૧૯
(૭) સત્પાત્રતાનો ચાર્ટ .......... કુ. રીનાબેન શાહ ... ૨૧
(૮) શ્રાવકાચાર ................બા.બ્ર. શ્રી સુરેશજી ... ૨૫
(૯) શ્રી ભક્તામર સ્તોત્ર .....શ્રી મહેન્દ્રભાઈ ખંધાર ... ૨૮
(૧૦) અગુરુલઘુત્વશક્તિ..........શ્રી વલભજી હીરજી ... ૩૧
(૧૧) ભયથી નિર્ભયતાની યાત્રા .................. ..................... શ્રી ગુણવંત બરવાળિયા ... ૩૨
(૧૨) બાળવિભાગ .............શ્રી મિતેશભાઈ શાહ ... ૩૪
(૧૩) પરમકૃપાળુદેવોના તીર્થોની ધર્મયાત્રા .......... .......................શ્રી મહેન્દ્રભાઈ ખંધાર ... ૩૬
(૧૪) સમાજ-સંસ્થા દર્શન ............................. ૪૦

**વર્ષ : ૪૧ ફેબ્રુઆરી, ૨૦૧૭ અંક - ૨**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**
કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોનઃ (૦૭૯)૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪
mail@shrimadkoba.org, www.shrimadkoba.org

**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**
**Name of Bank :** Kotak Mahindra Bank
**Branch :** Chandkheda, Ahmedabad - 382424.
**A/c. No. :** 08390020000044 • **IFS Code :** KKBK0000839

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ‘દિવ્યધ્વનિ’ દર મહિને પ્રગટ થાય છે.
- કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **‘શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા’**ના નામનો મોકલવો.
- સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

આ કાળમાં અને આ ભવમાં આપ અમને મળ્યા તે કોઈ પરમ પરમ પુણ્યોદયનો અપૂર્વ અવસર અમને પ્રાપ્ત થયો છે. અનંતભવોમાં અમારા આત્માએ અનંતકર્મો બાંધ્યા અને અનંતદુઃખો ભોગવ્યા. અનાદિકાળથી રઝળતા અમારા તપ્ત આત્માને હવે આપની અમૃતવાણીનો છંટકાવ પરમશાંતિનો અનુભવ કરાવે છે. જે કર્મો અમે અજ્ઞાનભાવમાં બાંધ્યા હતા તેવા કર્મો આપનું શરણ મળ્યા પછી તો નહીં જ બંધાય એવો વિશ્વાસ હવે અમને આવી ગયો છે. માર્ગ ભૂલેલાઓને સાચો માર્ગ મળી ગયો છે, પંથ ભૂલેલાઓને સાચા પથદર્શક મળી ગયા છે. જીવોનું કલ્યાણ કરવાને માટે આપ અમને કલ્પવૃક્ષ મળી ગયા છો. વધારે શું કહીએ ? વિષમ કળિકાળમાં આપ અમને પરમ-વિશ્રાંતિનું ધામ મળ્યા છો. અમારા મનમાં આપને માટે પરમ પરમ અહોભાવ આવે છે, અને અંતરમાંથી ‘અહો કૃપાળુ ! અહો કૃપાળુ !’ એવા ઉદ્‌ગારો સરી પડે છે.

આપના દર્શન અને વંદન અમારા પાપોનો નાશ કરવાને સમર્થ છે તો આપનું જીવન અમારા માટે શ્રેષ્ઠ સંદેશ છે, તથા આપનું નામસ્મરણ અમારે માટે કલ્યાણનું કારણ છે. વારંવાર આ બધી વાતો-આવા ભાવો અમારા અંતરમાં ઉભરાયા કરે છે અને કહેવાનું મન થાય છે કે –


“અહો કૃપાળુ ! અહો કૃપાળુ ! અમને મળ્યા છો કેવા કૃપાળુ !
શરણમાં લેજો દેવ કૃપાળુ, દેજો ચરણની સેવ કૃપાળુ,
દેવ દુર્લભ પરમકૃપાળુ, દેજો આશિષ દેવ કૃપાળુ !
તરીએ આ સંસાર કૃપાળુ, કરીએ ભવનો પાર કૃપાળુ.”

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### પત્રાંક - ૪૩૭



ૐ

આ જગતને વિષે જેને વિષે વિચારશક્તિ વાચાસહિત વર્તે છે, એવાં મનુષ્યપ્રાણી કલ્યાણનો વિચાર કરવાને સર્વથી અધિક યોગ્ય છે; તથાપિ પ્રાયે જીવને અનંતવાર મનુષ્યપણું મળ્યાં છતાં તે કલ્યાણ સિદ્ધ થયું નથી, જેથી વર્તમાન સુધી જન્મમરણનો માર્ગ આરાધવો પડ્યો છે. અનાદિ એવા આ લોકને વિષે જીવની અનંતકોટી સંખ્યા છે; સમયે સમયે અનંત પ્રકારની જન્મમરણાદિ સ્થિતિ તે જીવોને વિષે વર્ત્યા કરે છે; એવો અનંતકાળ પૂર્વે વ્યતીત થયો છે. અનંતકોટી જીવના પ્રમાણમાં આત્મકલ્યાણ જેણે આરાધ્યું છે, કે જેને પ્રાપ્ત થયું છે, એવા જીવ અત્યંત થોડા થયા છે, વર્તમાને તેમ છે, અને હવે પછીના કાળમાં પણ તેવી જ સ્થિતિ સંભવે છે, તેમ જ છે. અર્થાત્ કલ્યાણની પ્રાપ્તિ જીવને ત્રણે કાળને વિષે અત્યંત દુર્લભ છે; એવો જે શ્રી તીર્થંકરદેવાદિ જ્ઞાનીનો ઉપદેશ તે સત્ય છે. એવી, જીવસમુદાયની જે ભ્રાંતિ તે અનાદિ સંયોગે છે, એમ ઘટે છે, એમ જ છે; તે ભ્રાંતિ જે કારણથી વર્તે છે, તે કારણના મુખ્ય બે પ્રકાર જણાય છે; એક પારમાર્થિક અને એક વ્યાવહારિક; અને તે બે પ્રકારનો એકત્ર અભિપ્રાય જે છે તે એ છે કે, આ જીવને ખરી મુમુક્ષુતા આવી નથી; એક અક્ષર સત્ય પણ તે જીવમાં પરિણામ પામ્યું નથી; સત્પુરુષના દર્શન પ્રત્યે જીવને રુચિ થઈ નથી; તેવા તેવા જોગે સમર્થ અંતરાયથી જીવને તે પ્રતિબંધ રહ્યો છે; અને તેનું સૌથી મોટું કારણ અસત્સંગની વાસનાએ જન્મ પામ્યું એવું નિજેચ્છાપણું, અને અસત્દર્શનને વિષે સત્દર્શનરૂપ ભ્રાંતિ તે છે. 'આત્મા નામનો કોઈ પદાર્થ નથી', એવો એક અભિપ્રાય ધરાવે છે; 'આત્મા નામનો પદાર્થ સંયોગિક છે', એવો અભિપ્રાય કોઈ બીજા દર્શનનો સમુદાય સ્વીકારે છે; 'આત્મા દેહસ્થિતિરૂપ છે, દેહની સ્થિતિ પછી નથી', એવો અભિપ્રાય કોઈ બીજા દર્શનનો છે. 'આત્મા અણુ છે', 'આત્મા સર્વવ્યાપક છે', 'આત્મા શૂન્ય છે', 'આત્મા સાકાર છે', 'આત્મા પ્રકાશરૂપ છે', 'આત્મા સ્વતંત્ર નથી', 'આત્મા કર્ત્તા નથી', 'આત્મા કર્ત્તા છે ભોક્તા નથી' 'આત્મા કર્ત્તા નથી ભોક્તા છે', 'આત્મા કર્ત્તા નથી ભોક્તા નથી', 'આત્મા જડ છે', 'આત્મા કૃત્રિમ છે', એ આદિ અનંત નય જેના થઈ શકે છે એવા અભિપ્રાયની ભ્રાંતિનું કારણ એવું અસત્‌દર્શન તે આરાધવાથી પૂર્વે આ જીવે પોતાનું સ્વરૂપ તે જેમ છે તેમ જાણ્યું નથી. તે તે ઉપર જણાવ્યાં એકાંત-અયથાર્થપદે જાણી આત્માને વિષે અથવા આત્માને નામે ઈશ્વરાદિ વિષે પૂર્વે જીવે આગ્રહ કર્યો છે; એવું જે અસત્સંગ, નિજેચ્છાપણું અને મિથ્યાદર્શનનું પરિણામ તે જ્યાં સુધી મટે નહીં ત્યાં સુધી આ જીવ ક્લેશ રહિત એવો શુદ્ધ અસંખ્ય પ્રદેશાત્મક મુક્ત થવો ઘટતો નથી, અને તે અસત્સંગાદિ ટાળવાને અર્થે સત્સંગ, જ્ઞાનીની આજ્ઞાનું અત્યંત અંગીકૃતપણું અને પરમાર્થસ્વરૂપ એવું જે આત્માપણું તે જાણવા યોગ્ય છે.

પૂર્વે થયા એવા જે તીર્થંકરાદિ જ્ઞાનીપુરુષો તેમણે ઉપર કહી એવી જે ભ્રાંતિ તેનો અત્યંત વિચાર કરી, અત્યંત એકાગ્રપણે, તન્મયપણે જીવસ્વરૂપને

(અનુસંધાન પાના નં. ૩૦ પર...)

# પરમાર્થની પ્રાપ્તિમાં વૈરાગ્યનું મહત્ત્વ

પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી



પરમાર્થને પ્રાપ્ત કરવા માટેના પાયારૂપ ગુણો વિનય, વિવેક, વૈરાગ્ય અને શ્રદ્ધા છે. આ ગુણોનો જ્ઞાનીપુરુષના સાન્નિધ્યમાં વિકાસ કરવો જોઈએ. જ્ઞાની ધર્માત્મા નિઃસ્પૃહ હોય છે. તેમને કોઈના પ્રત્યે રાગ કે મોહ હોતા નથી. આપણી અપાત્રતાને લીધે આપણને એવું લાગે છે કે ગુરુદેવ અમુક મુમુક્ષુઓને વધારે પ્રેમ કરે છે, તેમના ઉપર વિશેષ કૃપા વરસાવે છે પરંતુ તેમને વ્યક્તિ પ્રત્યે રાગ હોતો નથી, તેમના ગુણો પ્રત્યે રાગ હોય છે. મહાપુરુષોને એવા સંકેત મળી જતાં હોય છે કે આ કોઈ આસન્નભવ્ય કે ભવ્ય જીવ છે, જે અંતરથી બોધ ગ્રહણ કરી લે તેવો છે. તેમના હૃદયમાં તો જગતના સર્વ જીવ કલ્યાણને પામે એવી ભાવના હોય છે. પરંતુ જગતના બધા જીવો કાંઈ કલ્યાણને પામતા નથી. તેમાંથી કોઈ આંગળીના વેઢે ગણી શકાય તેટલાં જ જીવો કલ્યાણને પામી શકે છે. પત્રાંક ૪૯૮માં પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી મુમુક્ષુતાનું લક્ષણ કહે છે કે, ''આત્માને વારંવાર સંસારનું સ્વરૂપ કારાગૃહ જેવું ક્ષણે ક્ષણે ભાસ્યા કરે એ મુમુક્ષુતાનું મુખ્ય લક્ષણ છે.''

આપણે આપણી જાતને મુમુક્ષુ માનીએ છીએ અને જ્યારે કોઈ પૂછે કે ભાઈ કેમ છો ? તો કહીએ છીએ કે લીલાલહેર છે, તબિયત બહુ સારી છે, છોકરા કમાય છે અને બીજી કોઈ જાતની ચિંતા નથી ! તમારે કાંઈ જોઈતું હોય તો કહેજો ! આવું કહે તે અજ્ઞાની જ છે. મુમુક્ષુ હોય તે તો એવું વિચારે કે ઠીક છે ભાઈ, પુણ્યનો ઉદય ચાલે છે માટે લોકોમાં જય-જયકાર છે, તબિયત સારી છે. પણ તે કાંઈ મારા જીવનનું ઈષ્ટ સુખ નથી.

આપણે આપણી જાતને સદ્‌ગૃહસ્થ માનીએ છીએ પરંતુ આપણે તો કુગૃહસ્થ છીએ કારણકે શ્રી 'પદ્મનંદિ પંચવિંશતિ'માં 'ધર્મોપદેશામૃતમ્' પ્રકરણમાં આચાર્ય ભગવાને સદ્‌ગૃહસ્થના લક્ષણો બતાવ્યા છે તેનાથી આપણે આપણી જાતની સરખામણી કરવી જોઈએ કે આપણે કઈ શ્રેણીમાં છીએ. તેમણે કહ્યું છે કે,

आराध्यन्ते जिनेन्द्रा गुरुषु च विनतिर्धार्मिकैः प्रीतिरुच्चैः
पात्रेभ्यो दानमापन्निहतजनकृते तच्च कारुण्यबुद्धया ।
तत्त्वाभ्यासः स्वकीयव्रतरतिरमलं दर्शनं यत्र पूज्यं
तद्गार्हस्थ्यं बुधानामितरदिह पुनर्दुःखदो मोहपाशः ॥१३॥

આચાર્ય ભગવાન સમ્યગ્દર્શનને પૂજ્ય કહે છે. જો આપણા જીવનમાં તેમણે કહેલા ગુણો ન હોય તો આપણું જીવન કારાગૃહ જેવું છે. તે ગુણોને પ્રગટાવવા તથા સંસાર પ્રત્યેની રુચિ ઘટાડવા માટે આપણે વૈરાગ્ય ઉત્પાદક ગ્રંથોનો વારંવાર વિચાર કરવો. યોગવાશિષ્ઠ, દાસબોધ, વૈરાગ્યશતક વગેરે વિચારવાં. જ્યાં સુધી દુનિયાના પદાર્થો બહુ ગમે ત્યાં સુધી ભગવાન ગમે નહિ. દુનિયાના પદાર્થો કોઈવાર વાપરવા પડે પરંતુ તે પદાર્થો પ્રત્યે તેમને અંદરથી આસક્તિ તથા મમત્વભાવ હોય નહીં. જો તે હોય તો પરમાત્મદર્શન થઈ શકે નહીં. આગ્રહ, મારાપણાનો ભાવ અને અસત્સંગ (અસત્ પ્રસંગ)માં રુચિ - આ ત્રણે દુર્ગુણો જ્યાં હોય ત્યાં આત્મકલ્યાણ થાય નહીં. જેને શાસ્ત્રો ન આવડે તેને ભગવાન અજ્ઞાની કહેતા નથી. પરંતુ 'શ્રી સમયસાર'ના પ્રારંભમાં આચાર્ય ભગવાન અજ્ઞાનીની વ્યાખ્યા

કરતા કહે છે કે જગતના અબદ્ધ પદાર્થો (અબદ્ધ કર્મ) બંગલા, મોટર, દીકરા, સાડી, ઘરેણાં વગેરેનું આપણને ભૂત વળગ્યું છે, જેમાંથી આપણે બહાર નીકળી શકતા નથી. બીજું કે બદ્ધ નોકર્મ એટલે શરીર, ઇન્દ્રિય, મન આદિ. જેમાં શરીર એ યથાર્થરૂપે જોતાં વેદનાની મૂર્તિ છે, જેને આપણે પરમ સુખનું ધામ અજ્ઞાનથી માનીએ છીએ ! ત્રીજું છે દ્રવ્યકર્મ, જેને આપણે જોઈ શકતા નથી પરંતુ તેનો નિર્ણય થઈ શકે છે. દા.ત. એક વ્યક્તિ એકવાર વાંચે અને તેને તે યાદ રહી જાય છે. બીજી વ્યક્તિ, તે જ વસ્તુને ૧૦૦ વાર વાંચે તો પણ તે તેને યાદ રહેતું નથી. એક જીવ માતાના ગર્ભમાં જ મરી જાય છે અને બીજો ૧૦૦ વર્ષનો થઇ વિચારે છે કે ઘણું જીવ્યો, હવે મોત આવે તો સારું. આ આયુષ્ય નામના દ્રવ્યકર્મનો દાખલો છે. આ રીતે અન્ય કર્મને જાણવાં. ચોથું છે - ભાવકર્મ એટલે કે ક્રોધાદિ ભાવો, જે પોતાની કલ્પના છે અને તે ભાડૂતીભાવો છે. જો તે સાચા હોય, ખરેખર આત્માનો સ્વભાવ હોય તો ૨૪ કલાક ક્રોધ થવો જોઈએ પણ તેમ તો થતું નથી. થોડી વાર ધમાચકડી કરીને તે ભાવો જતાં રહે છે. માટે તે આપણો સ્વભાવ નથી. રાગ તે જો જીવનો સ્વભાવ હોય તો દ્વેષ કેમ થાય છે ? માટે જ્ઞાન, વૈરાગ્ય, શાંતિ તે આત્માનો સ્વભાવ છે. જ્ઞાન અને વૈરાગ્ય તે એક સિક્કાની બે બાજુ જેવા છે. શ્રી કુંદકુંદાચાર્ય શ્રી સમયસાર ગાથા-૨૨માં કહે છે કે,

"અયથાર્થ આત્મ વિકલ્પ એવો જીવ સંમૂઢ આચરે;
ભૂતાર્થને જાણેલ જ્ઞાની એ વિકલ્પો નહીં કરે."

આ ચાર કર્મોમાં જે મારાપણું કરે તેને ભગવાન અજ્ઞાની કહે છે. આ મારું છે, મારું છે એમ જ્ઞાની કરે નહીં. પુનિત મહારાજ તેમના એક પદમાં સંસારી જીવોની દશાનું વર્ણન કરતાં કરે છે કે,

"કોઈ કોઈનું નથી રે, કોઈ કોઈનું નથી રે,
નાહકના મરે છે સૌ મથી મથી રે..."

આવું ભગવાન રામ તથા સીતામાતા, પાર્શ્વનાથ ભગવાનના જીવનમાં હતું. સવારે રામ અયોધ્યાપતિ બનવાના હતા અને ભાગ્યવશાત્ સવારે તેઓ અયોધ્યાપતિ તો શું પણ અયોધ્યાની પ્રજારૂપમાં પણ ન રહ્યા અને અયોધ્યા છોડી જંગલમાં ગયા. તેમના જ્ઞાન-વૈરાગ્ય અનુપમ હતા અને તેમણે ઉગ્ર પુરુષાર્થ કરી પૂર્ણ પદ પ્રાપ્ત કર્યું. આપણે અત્યારે એ કક્ષાએ આ 'ભાવ'માં પહોંચીએ એવું નથી તો પણ જો પ્રેમથી તેમનું સ્મરણ કરીએ, તેમના ગુણોને અંતરથી અનુમોદીએ તો પણ આપણું કલ્યાણ થઈ જાય એમ પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ પત્રાંક ૪૯૩માં કહ્યું છે,

"તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે, એવા સર્વ સત્પુરુષો, તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો !"

આ 'છ પદનો પત્ર' અત્યંત માર્મિક છે. તેમાં સૌપ્રથમ પ્રસ્તાવના છે, પછી જ્ઞાન છે, જેમાં વૈરાગ્ય સમ્મિલિત છે અને પછી ભક્તિ છે. આ બધું મળે તો જ આત્મકલ્યાણ થાય. પણ આપણે એમ માનીએ છીએ કે અભણ હોય તે ભક્તિ કરે અને ભક્તિ કરવાથી તે કાંઈ આત્મકલ્યાણ થોડું થાય ! કોઈ વૈરાગીને જુએ તો કહે કે આ તો સ્મશાન વૈરાગ્ય છે તથા કોઈ જ્ઞાનનિષ્ઠને જુએ તો કહે કે આ તો પોતાની નકામી બડાશ મારે છે ! ભાડૂતી બોલે છે ! ધર્માત્માની નિંદા કરવી નહીં; એટલું જ નહીં પણ મનમાં પણ જો આવો હલકો વિચાર આવે તો તેને તરત મનમાં ને મનમાં જ રોકી દેવો કે ના, મારી ભૂલ થઈ ગઈ છે. કોઈ મહાત્માના બધા ગુણોને હું જાણી શકતો નથી માટે મારે કોઈની પણ નિંદા મનમાંયે કરવી નથી એમ દૃઢતા કરવી અને નિત્ય પ્રત્યે એટલે ક્ષણે ક્ષણે કાર્યે કાર્યે અને પ્રસંગે પ્રસંગે નિરંતર એટલે સવાર-બપોર-સાંજ નહીં, પરંતુ ૨૪

કલાકમાં વચ્ચે વચ્ચે સત્ દેવ-ગુરુ-ધર્મ તથા આત્માનો લક્ષ કરવો. સાચા ભાવથી તેમના ગુણોને ઓળખીને તેમના ગુણોનું બહુમાન, સ્મરણ સહિત ઉચ્ચાર એટલે ભક્તિ કરવી. શ્રી અમિતગતિ આચાર્યદેવ સામાયિક પાઠમાં કહે છે કે,

"તુજ ચરણકમળનો દીવડો, રૂડો હૃદયમાં રાખજો,
અજ્ઞાનમય અંધકારનો આવાસ તુરત બાળજો;
તદ્‌રૂપ થઈ તે દીવડે હું સ્થિર થઈ ચિત્ત બાંધતો,
તુજ ચરણયુગ્મની રજ મહીં હું પ્રેમથી નિત્ય ડૂબતો."

જે જીવ સમજીને વારંવાર ભાવપૂર્વક ભગવાનનું સ્મરણ કરે તે જીવ અલ્પકાળમાં ભગવાન થાય. મુમુક્ષુને જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સિવાય બીજે ક્યાંય મઝા આવવી જોઈએ નહીં. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની ગાથા - ૧૩૮માં મુમુક્ષુના લક્ષણ કહ્યાં છે કે,

"દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;
હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય."

સદ્‌ગુરુની આજ્ઞા માનવી અઘરી છે. તેઓ જે શાસ્ત્ર વાંચવા આપે તે વાંચવું. તેમાં આ તો અમારા દિગંબરનું શાસ્ત્ર કે વૈષ્ણવ કે શ્વેતાંબરનું નથી માટે અમારે વંચાય નહીં તેમ પ્રશ્ન કરવો નહીં અને તો પણ જો આવો પ્રશ્ન તમને થાય તો તેનો જવાબ શ્રી 'સમાધિશતક' શાસ્ત્રમાં આચાર્યશ્રી પૂજ્યપાદ સ્વામીએ આપ્યો છે કે, જાતિ અને લિંગના આગ્રહથી આગમનો જે આગ્રહ કરે છે તેને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થતી નથી. 'સમયસાર' વાંચ્યા વિના મોક્ષે જવાય નહીં એવું જો માનો તો પાર્શ્વનાથ અને મહાવીર ભગવાનનો મોક્ષ જ ન થાય કારણ કે તે સમયે તો આ શાસ્ત્ર જ રચાયું નહોતું. તો કોઈ એક શાસ્ત્ર વાંચવાથી મુક્તિ થતી નથી, પણ પ્રયોજનભૂત તત્ત્વોને જાણીને અંતરમાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની વૃદ્ધિ કરીએ તો આત્મકલ્યાણની પ્રાપ્તિ થાય. માટે જેનાથી પ્રયોજનભૂત તત્ત્વોનો નિર્ણય થાય, વૈરાગ્યવૃદ્ધિ થાય તથા જે આપણે સમજી શકીએ તેવી ભાષામાં હોય તેવા શાસ્ત્રો વાંચવાં. જીવને જાણવો, અજીવને સામાન્ય જાણવો, પાપને જાણવું અને ઘટાડવું, પુણ્યને જાણવું અને વધારવું પણ તેમાં અટકવું નહીં, આસ્રવમાં પ્રવર્તવાનું ઓછું કરવું, સંવરને દિવસે દિવસે વધારવો, નિર્જરાને દિવસે દિવસે વધારવી અને મોક્ષનું ધ્યેય નિરંતર રાખવું તો મોક્ષ યથાસમયે થશે.

"નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવાં સોય"

પત્રાંક ૪૯૮માં કૃપાળુદેવ કહે છે,

"મૂળ વાત તો એ છે કે જીવને વૈરાગ્ય આવતાં છતાં પણ જે તેનું અત્યંત શિથિલપણું છે - ઢીલાપણું છે - તે ટાળતાં તેને અત્યંત વસમું લાગે છે, અને ગમે તે પ્રકારે પણ એ જ પ્રથમ ટાળવા યોગ્ય છે."

પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે હું વાણિયો છું તે રોમેરોમે વ્યાપી ગયું છે એ જ ટાળવાનું છે. માટે બાળકોને પણ બહુ નામ દઈને બોલાવવા નહીં પણ બેટા, આત્મા, બેન એમ સંબોધન કરવું કે જેથી તેમના આત્મામાં પણ નામ, રૂપના સંસ્કારો દૃઢ ન પડે. શ્રી સમંતભદ્ર મહારાજે જ્યારે અમને નવું નામ આપ્યું ત્યારે કહ્યું હતું કે ડૉ. સોનેજી અને આત્માનંદજી બંને નામે જૂઠાં છે. પરંતુ ડૉ. સોનેજીના સંસ્કાર કાઢવા માટે આત્માનંદજી શબ્દનો આશ્રય થોડા સમય માટે કરવો પડે છે. બાકી તો બંને નામ જૂઠાં છે. કારણ કે તે બંનેથી જે શરીરનો બોધ થાય છે તે આપણું નથી અને ક્યારેય પણ આપણું થશે નહીં. તે નિમકહરામ છે. તેના માટે પંડિતપ્રવર શ્રી બનારસીદાસજીએ 'શ્રી સમયસાર નાટક'માં કહ્યું છે કે,

"દેહ તો તોહિ ત્યજેગી નિદાન પે
તૂ હી ત્યજે ક્યોં ન દેહકી યારી"

એક મિનિટમાં જે વિશ્વાસઘાત કરી જતું રહેવાનું છે તેની મમતા કરવી તે વિવેકીનું લક્ષણ નથી. શરીર દુઃખનું કારણ નથી પણ શરીર પ્રત્યેનું મમત્વ તે દુઃખનું કારણ છે. 'આ શરીર મારું છે' એમ માનીને તેના પ્રત્યે મોહ કરવો તે દુઃખનું કારણ છે. જ્ઞાનીઓને પણ શરીર હતું પણ તેના પ્રત્યે તેમને મોહ ન હતો. જેમ વેપારી સૂતો હોય ત્યારે ઊંઘમાં પણ વેપાર કરે એવો વેપાર જ્યારે ભગવાનના નામે થાય ત્યારે જીવનું કામ થઈ જાય એવો ઇતિહાસ પણ મળે છે. આજથી લગભગ ૮૦ વર્ષ પહેલા શ્રી ગણેશપ્રસાદ વર્ણીજી થઈ ગયા. તેઓ રાત્રે ઊંઘમાં પણ શ્રી સમયસારની ટીકા 'આત્મખ્યાતિ' બોલતા ! ગાથા નંબર, ટીકા, કળશ એમ ક્રમબદ્ધ રીતે આખું શાસ્ત્ર બોલતા ! જેને નિંદરમાં પણ સદ્‌ગુરુ અને પરમાત્માની વાણી યાદ રહે છે તેનો અલ્પકાળમાં મોક્ષ થઈ જાય છે કારણ કે તે બધા આત્માને જ બતાવે છે. જે પોતાના જીવનમાં દયા, સરળતા, વિનય આદિ ગુણો ઉતારે નહીં તે 'બુદ્ધુ' છે. આપણે બુદ્ધુ નહીં, પણ બુદ્ધ થવાનું છે, જે શિથિલપણું ટાળવાથી થવાય છે. જે ટાળવા પ્રથમ સ્વોપકાર અને પછી પરોપકારમય જીવન બનાવવું.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

## પુસ્તક સમાલોચના

**– મિતેશભાઈ એ. શાહ**

(નોંધ : આ વિભાગ માટે ગ્રંથ કે પુસ્તકની બે નકલ મોકલવા વિનંતી.)

**[૧]** પુસ્તકનું નામ : **આત્મસાધનાના અમૃત અનુષ્ઠાન**

**લેખક - સંપાદક :** ડૉ. પ્રવીણચંદ્ર એલ. શાહ (યુ.એસ.એ.), ફોન : ૬૧૦-૭૮૦-૨૮૫૫

**આવૃત્તિ :** પ્રથમ, ૨૦૧૭ ● મૂલ્ય : રૂ. ૩૦૦/- ● પાના : ૩૩૬

**પ્રાપ્તિસ્થાનો :** ૧. ભરત ગ્રાફીક્સ, અમદાવાદ ફોન : ૦૭૯-૨૨૧૩૪૧૭૬

૨. સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ

જૈન ધર્મના અભ્યાસી ડૉ. પ્રવીણભાઈએ અમેરિકામાં રહીને જૈન સમાજને ભક્તિરસમાં તરબોળ કરવા જ્ઞાન પ્રભાવનાનું સ્તુત્ય કાર્ય કરેલ છે. આ પુસ્તકમાં અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી, મહોપાધ્યાય શ્રી યશોવિજયજી, મુનિશ્રી મોહનવિજયજી મહારાજ, ગણી શ્રી દેવચંદ્રજી મહારાજના કેટલાક સ્તવનોનું સરળ છતાં સચોટ ભાષામાં વિવેચન કર્યું છે. પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી આદિ મહાપુરુષોના અવતરણો સહિત ધર્મક્રિયાના અનુષ્ઠાનો, ભક્તિયોગના મહાત્માઓનો પરિચય, જૈનધર્મના કર્મના સિદ્ધાંતોની સુંદર સમજૂતી આપી છે.

**[૨]** પુસ્તકનું નામ : **સ્વયંજ્યોતિ સુખધામ**

**લેખક :** પ્રિ. અમીચંદભાઈ પટેલ, ફોન : ૦૨૭૭૨-૨૩૫૦૦૨

**આવૃત્તિ :** પ્રથમ, ૨૦૧૬ ● **પાના :** ૭૩ ● **મૂલ્ય :** રૂ. ૧૦૦/-

**પ્રકાશક :** કુસુમ પ્રકાશન, અમદાવાદ

આ પુસ્તકમાં આંતરખોજ, પ્રાર્થના, માનવીય ઐશ્વર્ય, ભાવથી ભવ સુધરે, સંયમ આરાધના, શ્રીમદ્ રાજચંદ્રનો ધર્મસંદેશ વગેરે ૨૧ જેટલા વિષયો પર સરળ છતાં અસરકારક ભાષામાં સમજૂતી આપવામાં આવી છે.

## પરમનો સ્પર્શ - ૮૪

# 'ગુરુ અમૃત કી ખાન'

**પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ**

માનવી એની આસપાસ પોતાની શક્તિની લક્ષ્મણ-રેખા દોરીને એની નાનકડી ઝૂંપડીમાં વસે છે. એ વિચારે છે કે આખી જિંદગી એમને એમ વેડફી નાખી. હવે ધર્મના માર્ગે જવાથી શું થાય ? ક્યારેક એ કહે છે કે, "મારાથી તો વધુમાં વધુ આટલું જ થઈ શકે. અધ્યાત્મ એ તો મારે માટે ગજા બહારની વાત છે." સદ્‌ગુરુનું કામ શિષ્યમાં શ્રદ્ધા પ્રેરવાનું છે. માનવી આસાનીથી ક્યાંય પોતાની શ્રદ્ધા ટેકવતો નથી અને ક્યારેક અશ્રદ્ધાને નામે પ્રપંચ પણ ખેલતો હોય છે. મુલ્લા નસરુદ્દીનની એક પ્રસિદ્ધ કથા છે.

મુલ્લા નસરુદ્દીનની પાસે એક વ્યક્તિ એમનો ગધેડો માગવા ગઈ. મુલ્લા એમનો ગધેડો આપવા રાજી નહોતા, પરંતુ એમની માગણીનો સીધો ઇન્કાર કરવો પણ એમને માટે મુશ્કેલ હતો. મુલ્લા વિચારમાં પડ્યા અને બહાનું શોધવા લાગ્યા. આખરે એક બહાનું જડી ગયું.

એમણે આગંતુકને કહ્યું, "અરે ભાઈ, આપ મારો ગધેડો લેવા આવ્યા છો, એ મારે માટે આનંદની વાત છે. આ તો મારું સદ્‌ભાગ્ય કહેવાય. આપના જેવી વ્યક્તિને હું કોઈપણ રીતે ઉપયોગી થાઉં, તે તો મને ખૂબ ગમે, પરંતુ હાલમાં આપને ગધેડો આપી શકું તેમ નથી."

આગંતુકે પૂછ્યું, "કેમ ? કોઈ મુશ્કેલી છે ? હું મારું કામ પૂરું થતાં તમારો ગધેડો સાચવીને પાછો આપી જઈશ."

મુલ્લાએ કહ્યું, "અરે, એવો તો કોઈ સવાલ જ નથી. આપના પર મને પૂરો એતબાર છે, પરંતુ વાત એવી છે કે મારો ગધેડો નદીએ નાહવા ગયો છે. એને સ્નાન કરતાં ઘણી વાર લાગે છે, એટલે બે-ત્રણ કલાક પહેલાં એ પાછો આવે તેમ નથી."

આગંતુકે મુલ્લાની વાત સ્વીકારી લીધી. મુલ્લાના ઘરમાંથી બહાર નીકળતા હતા, ત્યાં જ અંદરથી ગધેડાનું ભૂંકવાનું સંભળાયું. આગંતુકને અત્યંત ક્રોધ ચડ્યો. એણે કહ્યું, "તમને ખોટું બોલતાં શરમ આવતી નથી ? કહો છો કે ગધેડો નદીએ નાહવા ગયો છે અને એ તો ઘરની અંદર છે. એ ભૂંક્યો એટલે મને ખબર પડી."

મુલ્લા મુંઝાયા. એમણે કહ્યું, "જુઓ જનાબ, હું એવી વ્યક્તિ સાથે વાત કરતો નથી કે જે મારા કરતાં ગધેડા પર વધુ વિશ્વાસ કરતી હોય."

આમ, વિશ્વાસને નામે આ જગતમાં ઘણું સાચું-ખોટું ચાલે છે; પરંતુ સદ્‌ગુરુની ઉપસ્થિતિ સાધકમાં એક ભિન્ન પ્રકારનો વિશ્વાસ ઉગાડે - જગાડે છે. શિષ્ય સદ્‌ગુરુને જોઈને વિચારે છે કે જો તેઓ વિકાસ સાધીને આવા ગુણવાન અને આંતરિક રીતે સમૃદ્ધિવાન બની શકે છે, તો પછી પોતે પણ એવો ગુણવાન બની શકે.

ભગવાન મહાવીરે કહ્યું છે કે જેમ ગોટલીમાં આંબાનું વૃક્ષ છુપાયેલું છે, તેમ તારા આત્મામાં પરમાત્મા છુપાયેલો છે. આ ગોટલી એટલે સાધકનો આત્મા અને આંબાનું વૃક્ષ એટલે પરમાત્મા. આ રીતે ગોટલીમાંથી આંબો પ્રગટાવવા માટેનું કાર્ય ગુરુ કરે છે. સદ્‌ગુરુ કઠિન શાસ્ત્રગ્રંથોના ઉપદેશો સમજાવે છે, એમના જીવન વ્યવહારથી સાધકના જીવનનું પ્રચ્છન્નપણે ઘડતર કરે છે. એમની વાણીથી સાધકના હૃદયમાં શુભ ભાવોની જાગૃતિ કરે છે. આમ, સદ્‌ગુરુ પોતે આસ્થા નથી; પરંતુ એ તમારામાં રહેલી

આસ્થાનો દીપક પ્રદીપ્ત કરનાર છે. સદ્‌ગુરુ એ વિકસેલા કબીરવડ છે અને સાધક એક નાનકડું બીજ છે; પરંતુ સદ્‌ગુરુ બીજમાં એવી શ્રદ્ધા પ્રેરશે અને એનો વિકાસ કરશે કે એ પણ ભવિષ્યમાં કબીરવડ બની રહે. સદ્‌ગુરુ એક એવા સાગર છે કે જે તમને દર્શાવશે કે તમારા જીવનમાં શુભ ભાવની સરિતાઓ વહેતી કરો, તો તમે પણ સાગર બની શકશો.

કીડા જરા સા ઔર પથ્થર મેં ઘર કરે,

ઈન્સાન ક્યોં ન દિલે દિલબર મેં ઘર કરે.

સાવ નાનકડો કીડો સતત અને સખત મહેનત કરીને કાળમીંઢ પથ્થરમાં દર બનાવી શકે છે, તો માનવી શા માટે ઈશ્વરના હૃદયમાં વાસ કરી શકે નહીં ? સાધકને એની ભીતરની શક્તિની ઓળખ ગુરુ આપે છે એટલે કે ગુરુ એની શ્રદ્ધાને સંકોરે છે અને પછી શિષ્ય સાધનાના માર્ગે પ્રયાણ કરીને ઈશ્વરમાં શ્રદ્ધા મૂકે છે. સાધક શાસ્ત્રના શબ્દોનો માત્ર અર્થ પામ્યો હોય છે, ગુરુ એનો સંદર્ભ, રહસ્ય, મર્મ અને એને આત્મસાત્ કરવાની અને આત્મામાં ઉતારવાની કલા શીખવે છે.

આ ગુરુ શિષ્યને શ્રદ્ધાની આંખ આપે છે. એક પ્રશ્ન જાગે કે ગુરુને હાથ-પગ કે હૃદય નહીં, પણ આંખ શા માટે કહ્યા છે ? મહાભારતમાં ચક્ષુનો સંબંધ સૂર્ય સાથે દર્શાવાયો છે અને એ સૂર્યના બે મુખ્ય કાર્ય છે : (૧) રાક્ષસોનો વિનાશ અને (૨) અંધકારનો નાશ. ગુરુ શિષ્યના હૃદયમાં વસતા વૃત્તિ રૂપી રાક્ષસોનો વિનાશ કરે છે. એની વૃત્તિને પારખે છે, એ વૃત્તિ જોવાની આંખ આપે છે, એને દુર્વૃત્તિ દૂર કરવાની કલા શીખવે છે અને એ રીતે ગુરુ રાક્ષસનાશનું કાર્ય કરે છે. એ સાધકને એના ભીતરમાં રહેલા દૈત્યનો નાશ કરી શકવાની શક્તિમાં ભરોસો જગાવે છે. શિષ્યને એવું અભય વચન મળે છે કે ગુરુની ઉપસ્થિતિમાં અંદરના રાક્ષસોનો નાશ કરવાના એના પ્રયત્નોમાં એ જરૂર સફળ થવાનો. બીજી બાજુ ગુરુ પ્રકાશનો અનુભવ કરાવે છે અને એ રીતે સાધક આત્માનુભૂતિ પ્રાપ્ત કરે છે.

આમ, ગુરુ બાહ્ય અને આંતર એમ બંને પ્રકારે સાધકના અંતઃકરણનો અભ્યુદય કરે છે. ગુરુની ઉપેક્ષા અને અવહેલના કરનાર વિશેનું આ સૂત્ર તત્કાળ સ્મરણમાં આવે છે,

गुरोरवज़्या सर्व नश्यते च समुद्‌भवम्

"ગુરુની અવહેલના કરવાથી તમામ અભ્યુદય નષ્ટ થઈ જાય છે."

આ સૂત્રમાં દર્શાવાયું છે કે ગુરુની અવહેલનાથી 'સર્વ નશ્યતે' થાય છે. આ 'સર્વ નશ્યતે' એટલે શું ? જેનું ભીતર અંધકારમય હોય અને જેનું બહિર પણ અંધકારમય હોય તેવો અંધકારમય એ બની રહે છે, કારણ એટલું કે સદ્‌ગુરુ પાસે સાધના કરવાથી બે કાર્ય થાય છે : એક આંતર જગતનો અંધકાર જાય અને બાહ્યજગત પ્રત્યેની અજ્ઞાન દશાનું નિવારણ થાય. આમ, ગુરુ એ અગમ્ય બાબતોને આપણા માટે ગમ્ય બનાવે છે અને એટલે જ સંત તુલસીદાસજીએ કહ્યું છે : 'બિન ગુરુ હોઈ ન જ્ઞાન.'

આમ, તત્ત્વોને યથાર્થપણે દર્શાવનારો ગુરુનો બોધ સાધકમાં પરિવર્તન લાવે છે. કેવું હોય છે એ પરિવર્તન ? સાધકમાં જાગે છે શ્રદ્ધા, પ્રગટે છે જ્ઞાન અને ઉછળે છે ભક્તિ. આવી સદ્‌ગુરુની શક્તિ વિશે કહેવાયું છે :

"ગુરુ કે ઉપદેશ સમાગમ સે

જિસને અપને ઘટ ભીતર મેં,

બ્રહ્માનંદ સ્વરૂપકો જાન લિયા,

ઉન્હેં સાધન ઔર કિયા ન કિયા."

અહીં બે વાત છે કે ગુરુની કઈ બાબત સાધકમાં પરિવર્તન લાવે છે : એક છે ઉપદેશ અને બીજો છે સમાગમ. ગુરુનો ઉપદેશ શિષ્યમાં માત્ર

શ્રદ્ધા જ પ્રેરતો નથી; પરંતુ એના અધ્યાત્મસાહસને ઉશ્કેરે છે. શિષ્ય મનોમન નિર્ધાર કરે છે કે કષાયના ગાઢ વનમાંથી બહાર નીકળી કોઈ પણ ભોગે પ્રકાશ પ્રાપ્ત કરવો છે. રોહિણેય કે અંગુલિમાલ જેવા ધૂર્ત કે ક્રૂર લૂંટારાઓને જો મહાવીર અને બુદ્ધ પાસેથી પ્રકાશ મળી શકતો હોય, તો મને કેમ ન મળે ? અને એ રીતે ગુરુના ઉપદેશ પર આધાર રાખીને એ સાધનામાર્ગે ચાલે છે.

સાને ગુરુજીએ કહ્યું છે કે "ગુરુ કશું નવું આપતા નથી, પણ જે બીજરૂપે રહેલું છે, તેને વિકસિત કરવામાં સહાયક બને છે." ભીતરમાં રહેલી મીઠી સુવાસને બહાર પ્રગટ કરે છે. જીવનના માર્ગે ચાલનારને જેમ વિપત્તિઓ આવતી હોય છે, તેમ સાધનાના માર્ગે ચાલનારને આ આપત્તિઓનો અનુભવ કરવો પડે છે. ક્યારેક સાધકને ઘોર નિરાશા થાય છે, ક્યારેક જુદાં જુદાં આકર્ષણો સંસાર ભણી એને ખેંચતા હોય છે, ક્યારેક મનમાં જાગતી મોહ-બુદ્ધિ એના શુદ્ધ સંકલ્પને ચલાયમાન કરતી હોય છે. આવે સમયે સાધનાપથ પર દઢપણે ટકી રહેવાનો સંકલ્પ આપનાર ગુરુ છે.

શિષ્યને વખતોવખત 'પૉઝિટીવ ઈન્સ્પિરેશન'ની જરૂર પડે છે, ત્યારે ગુરુ એને પ્રેરતા રહે છે. ક્યારેક એની આંગળી પકડે છે, કોઈ વાર એનો હાથ થામે છે, ક્વચિત્ લાલ આંખ બતાવે છે, તો વળી ક્યારેક શાબાશી આપતા પીઠ થપથપાવે છે. અંતે તો એમનો આશય સાધકના હૃદયમાં સંજોગો કે વિમાસણને કારણે સહેજ ઝાંખા થતાં અધ્યાત્મના દીપકને પ્રજવલિત કરવાનો છે.

ગુરુ વિશે અહીં બીજી બાબત કહી છે તે ગુરુ સમાગમની. ગુરુની ઉપસ્થિતિ જ ઊર્જાયુક્ત વાતાવરણનું નિર્માણ કરે છે. ઘણીવાર એમની હાજરીમાં જ સંશયો છેદાઈ જાય છે, મૌન એ જ એમનો ઉત્તર બની જાય છે. રમણ મહર્ષિ પાસે પ્રશ્ન લઈને આવનારી વ્યક્તિને એનો ઉત્તર એમના મૌનમાંથી મળી રહેતો. શ્રીમદ્ રાજચંદ્રજીને સવાલ પૂછવા આવનાર મુમુક્ષુને એમના સત્સંગની વાણીમાંથી જ પોતાના સંશયનો ઉત્તર મળી રહેતો. આમ, ગુરુના સમાગમથી એક આધ્યાત્મિક વાતાવરણ રચાય છે. એમની આત્મદશાના પ્રભાવનો આંતરસ્પર્શ થાય અને એમનાં ઉપદેશવચનોને લીધે ચૈતન્ય જાગૃતિ સધાય છે. તેથી જ સંત કબીરજીએ કહ્યું છે :

યહ તન વિષ કી બેલરી, ગુરુ અમૃત કી ખાન,<br>
સીસ દિયે જો ગુરુ મિલે, તો ભી સસ્તા જાન.

---

## દર્શનસ્તુતિ

(પાના નં. ૧૮ પરથી ચાલુ...)

### પરમાર્થ - ઉપસંહાર

દુર્લભ અને અમૂલ્ય એવો આ મનુષ્યદેહ પામીને આપણે આપણા ભવરોગને નાશ કરવા માટે સતત સત્પુરુષાર્થ કરવો જોઈએ. ભવસમુદ્ર એવો અથાગ છે કે તે એકલા તરી શકાય તેવી આપણી શક્તિ નથી.પરમાત્મા અને મહાન સત્પુરુષો તથા તેમની વાણી સમુદ્ર પાર કરાવવા માટે ઉત્કૃષ્ટ અવલંબન છે. આપણે તેમના ચરણકમળનું શરણ લઈ તેઓની આજ્ઞા પ્રમાણે આપણું જીવન ઢાળીશું તો ભવસમુદ્ર તરી જઈશું. એટલે કે આ સંસારના ભયંકર પરિભ્રમણરૂપ દુઃખથી છૂટી અનંત સુખરૂપ મોક્ષપદને પામી જઈશું.

### અંતમંગલ

તુજ ચરણકમળનો દીવડો, રૂડો હૃદયમાં રાખજો,<br>
અજ્ઞાનમય અંધકારનો, આવાસ તુરત બાળજો;<br>
તદ્રૂપ થઈ તે દીવડે, હું સ્થિર થઈ ચિત્ત બાંધતો,<br>
તુજ ચરણયુગ્મની રજમહીં, હું પ્રેમથી નિત્ય ડૂબતો.

**– શ્રી અમિતગતિ સામાયિક પાઠ**

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

## શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

**(ક્રમાંક - ૪૩)**

**પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)**

અધ્યાત્મસાગર, જ્ઞાનસાગર અને ધ્યાન ઉજાગર એવા પરમકૃપાળુદેવ પત્રાંક - ૪૭માં દિવ્યદેશના પ્રકાશે છે, "અનંતાનુબંધી ક્રોધ, અનંતાનુબંધી માન, અનંતાનુબંધી માયા, અનંતાનુબંધી લોભ એ ચાર તથા મિથ્યાત્વમોહિની, મિશ્રમોહિની, સમ્યક્ત્વમોહિની - એ ત્રણ એમ એ સાત પ્રકૃતિ જ્યાં સુધી ક્ષયોપશમ, ઉપશમ કે ક્ષય થતી નથી ત્યાં સુધી સમ્યક્દૃષ્ટિ થવું સંભવતું નથી. એ સાત પ્રકૃતિ જેમ જેમ મંદતાને પામે તેમ તેમ સમ્યક્ત્વનો ઉદય થાય છે. તે પ્રકૃતિઓની ગ્રંથિ છેદવી પરમ દુર્લભ છે. જેની તે ગ્રંથિ છેદાઈ તેને આત્મા હસ્તગત થવો સુલભ છે. તત્ત્વજ્ઞાનીઓએ એ જ ગ્રંથિને ભેદવાનો ફરી ફરીને બોધ કર્યો છે. જે આત્મા અપ્રમાદપણે તે ભેદવા ભણી દૃષ્ટિ આપશે તે આત્મા આત્મત્વને પામશે એ નિઃસંદેહ છે... જગતમાં સત્‌પરમાત્માની ભક્તિ-સત્‌ગુરુ-સત્‌સંગ-સત્‌શાસ્ત્રાધ્યયન - સમ્યક્દૃષ્ટિપણું અને સત્‌યોગ એ કોઈ કાળે પ્રાપ્ત થયાં નથી. થયાં હોત તો આવી દશા હોત નહીં. પણ જાગ્યા ત્યાંથી પ્રભાત એમ રૂડા પુરુષોનો બોધ ધ્યાનમાં વિનયપૂર્વક આગ્રહી તે વસ્તુ માટે પ્રયત્ન કરવું એ જ અનંત ભવની નિષ્ફળતાનું એક ભવે સફળ થવું મને સમજાય છે." પરમકૃપાળુદેવની જ્ઞાનગંભીરતા, અપૂર્વ શ્રદ્ધાબળ, અપૂર્વ ઉત્સાહ આ શબ્દોમાં નીતરે છે.

શ્રી પૂજ્યપાદ આચાર્ય આત્મસમાધિના અલખધણી છે. પ્રત્યેક શ્લોકમાં સમાધિ સૂરાવલી વહે છે. આપણે શ્લોક - ૨૬માં અભ્યાસ કર્યો કે જે મારા આત્મસ્વરૂપને જાણતો નથી તે મારો શત્રુ કે મિત્ર નથી તથા જે નિજાત્મ સ્વરૂપને દેખે-જાણે છે તે મારા આત્મસ્વરૂપને જાણે છે એવા જ્ઞાની લોકો મારા શત્રુ કે પ્રિય નથી. જ્ઞાનીને રાગદ્વેષાદિની કલ્પના નથી તેથી તે મને શત્રુ કે મિત્રપણે કેમ જાણે ? હવે સત્યાવીસમાં શ્લોકમાં પૂ. આચાર્યદેવ લખે છે,

**त्यक्त्वैवं बहिरात्मानमन्तरात्मव्यवस्थितः ।**
**भावयेत् परमात्मानं सर्व संकल्पवर्जितम् ॥२७॥**

**અન્વય :**

एवं बहिरात्मानं त्यक्त्वा अंतरात्मव्यवस्थितः सर्व - संकल्प वर्जितं परमात्मानं भावयेत् ।

**શબ્દાર્થ :** एवं - આવી રીતે, बहिरात्मानं - બહિરાત્માને, त्यक्त्वा - છોડીને, अंतरात्मव्यवस्थितः - અંતરાત્મામાં વ્યવસ્થિત થઈને, सर्व संकल्प - સર્વ સંકલ્પથી, वर्जितम् - રહિત થઈને, परमात्मानं - પરમાત્મને, भावयेत् - ભાવવો.

**ભાષાન્તર :** આવી રીતે બહિરાત્મભાવને છોડીને અંતરાત્મામાં સ્થિર થઈને, સર્વ સંકલ્પથી રહિત થઈને પરમાત્માને ભાવવો.

**ભાવાર્થ :** શ્રી પૂજ્યપાદ આચાર્ય રચિત સમાધિતંત્ર ગ્રંથ રણમાં વિરડી સમાન છે. જ્યારે ઇચ્છીએ પાણી આવ્યા જ કરે. મીઠા જળની વિરડી સમાન આ ગ્રંથ સમાધિને આપે છે. આત્માને સમાધિમાં ધરી રાખે છે. મુખ્ય વાત એ છે કે ભવ્યાત્માએ બહિરાત્મભાવને ત્યાગવાનો છે. બહિરાત્મભાવ સાથે અંતરાત્મામાં જઈ શકાશે નહીં. જે અંતરાત્માને પામ્યા છે તેઓ પરમાત્મા થવાની ભાવના રાખે છે. તેઓ અંતરાત્મપણાને ત્યજીને

પરમાત્મપદમાં સ્થિત થાય છે.

બહિરાત્મભાવમાં જીવ પ્રવાહિત ન થાય તેનું ધ્યાન રાખવાનું છે. જો બહિરાત્મભાવમાં જ ભળી જાય તો આગળ ન વધી શકાય. તેથી અંતરાત્માએ સતત જાગૃતિ કેળવવી પડે છે. અંતરાત્મપણું પામીને 'જ્ઞાન સ્વરૂપ આત્મા હું છું' એ ભાવમાં અંતરાત્મા વર્તે છે; છતાં પુરુષાર્થની મંદતાથી, પ્રમાદવશ આત્મઅજાગૃતિ, બાહ્ય અજાગૃતિને લક્ષગત થતાં બહિરાત્મભાવમાં કોઈવાર પહોંચી જવાય એવું બને. ત્યારે અપ્રમત્તદશામાં કેવી રીતે રહેવાય તેવી ગહનવાત પૂજ્ય આચાર્યદેવે ફરમાવી છે.

હવેના શ્લોકોમાં અંતરાત્માની પરમાત્મપદમાં સ્થિતિ થાય અને વિશેષ આત્મજાગૃતિ સધાય તે સમજાવે છે. ઇન્દ્રિયોના વિષયો, બાહ્ય અંતરવાચા, દેહાધ્યાસ, રાગ અને દ્વેષ, શત્રુ-મિત્રપણું આ બહિરાત્મદશાને પોષનારા કારણો છે. અંતરાત્મા તેમાંથી વિરક્ત બને છે ત્યારે આત્માનુભવને વરે છે. આ કારણોને ત્યાગીને આત્મભાવના કરવી અને સમાધિસ્થ થવું. સમભાવી થવું. આત્મદશાની વૃદ્ધિ માટે, પરમાત્મપદની પ્રાપ્તિ અર્થે, નિર્વિકલ્પદશાની વૃદ્ધિ અર્થે, સંકલ્પ-વિકલ્પનો ત્યાગ કરવાની પૂ. આચાર્યદેવ પ્રેરણા આપે છે.

**बहिरात्मानं त्यक्त्वा :** બહિરાત્મભાવને છોડીને. બહિરાત્મભાવ અર્થાત્ પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં રક્તપણું. ઇન્દ્રિયોના વિષયોમાં જીવ એટલો રચ્યોપચ્યો રહેતો હોય કે ઇન્દ્રિયોની પુષ્ટિ કેમ કરવી, પાંચ ઇન્દ્રિયો કેમ સારી રહે તેના પ્રયત્નોમાં બહિરાત્મા રહેતો હોય છે, જેને દેહભાવ કહીએ. જીવને પછી દેહભાવનો અધ્યાસ થઈ જાય છે. દેહાધ્યાસી જીવ દેહભાવને પોષવા બધા બાહ્ય પ્રયત્નોમાં રોકાયેલો રહે છે. દેહ તે હું છું આવી દૃષ્ટિ સ્થિર થઈ ગઈ હોય છે. દેહના ચાળે ચડી ગયો હોય છે. દેહના નિમિત્તે રાગ-દ્વેષ ભાવો કરે છે. કોઈને શત્રુ અને કોઈને મિત્ર માની અનેક સંકલ્પ-વિકલ્પ કરે છે. કર્મબંધના બંધનથી ભારેકર્મી થાય છે. એવો બહિરાત્મા અંતરાત્મપણા પ્રતિ અભિમુખ થાય છે. ત્યારે શ્રી આચાર્ય ભગવન્ત બોધ આપીને કહે છે કે હે ભવ્યાત્મા ! એ બહિરાત્મભાવને છોડીને અંતરાત્મામાં અભિમુખ થયા પછી અંતરાત્મામાં સ્થિર થઈને પરમાત્મદશામાં આવ.

**अंतरात्मव्यवस्थितः** - અંતરાત્મામાં વ્યવસ્થિત થઈને આગળની દશામાં સ્થિર થા. આપણે ગાથા પંદરમાં અભ્યાસ કર્યો કે શરીરમાં આત્મબુદ્ધિ હોવી તે સંસારદુઃખનું મૂળ કારણ છે. તેમાંથી આત્મબુદ્ધિ છોડીને અંતરાત્મામાં પ્રવેશ કર. નિજ સ્વરૂપને નિહાળ. સ્વઘરનો નિવાસી થા.

બહિરાત્મા બાહ્ય ઉપાધિ, શરીર, ધન, સંપત્તિ, પ્રત્યક્ષ દેખાય તેવા પદાર્થોના માહાત્મ્યને કારણે સ્વ વિચારમાં શ્રેણી ચાલતી ન હતી. હવે પરમસદ્‌ગુરુ યોગે - પરમાર્થ બોધથી અને સત્‌શાસ્ત્રના સદ્‌વિચારથી, પોતાની જિજ્ઞાસા અને સ્વ પુરુષાર્થથી એવું ભાવન થયું કે સંસાર અને બાહ્ય અન્ય ભાવો મહા અનર્થકારક છે, સંસાર પરિભ્રમણમાં રખડાવનારા છે. અનિષ્ટકારક છે. પરિણામે આત્મવિચાર જાગૃત થયો. આ બધા બાહ્ય ભાવોથી ભિન્ન, દેહાદિથી ભિન્ન છું. અજર, અમર, અવિનાશી એવો આત્મા છું. સદ્‌ગુરુ કૃપાથી આત્મરુચિ વર્ધમાન થઈ. દેહ-સ્ત્રી-પુત્ર પરિવારને 'મારા' માનવાનો મોહ, તે બધા મારા છે એવો દોષ જણાયો. ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ, અજ્ઞાન - આ બધા પરિણામો મારા માનવા એ ભ્રાન્તિ છે તેવું ભાન થયું. આત્મસન્મુખતા થવા લાગી. ક્રમે ક્રમે સ્વ-સ્વરૂપ અવસ્થામાં નિમગ્નતા આવવા લાગી. સ્વ-સ્વરૂપમાં અનંત શક્તિ અને અનંત સામર્થ્ય ભર્યું પડ્યું છે તેવો વિશ્વાસ આવ્યો. પુરુષાર્થ વધતાં અંતરાત્મા થયો. સમ્યગ્‌દર્શનની

અપૂર્વતા આવી. તે રૂપ થયો.

હવે, શ્રી પૂજ્યપાદ આચાર્ય અંતરાત્માને તેમાં સ્થિતિ વધુ પ્રાપ્ત થાય તેવો બોધ આપે છે. અંતરાત્મામાં વ્યવસ્થિત થઈને પરમાત્મદશાની આરાધના કર. યથાર્થ ભેદજ્ઞાન કરીને આગળની જાગૃતિ લાવ. જેવું થવું હોય તેની ભાવના નિરંતર કર્તવ્યરૂપ છે. પરમકૃપાળુદેવ લખે છે કે "આત્મા અર્હંતપદ વિચારે તો અર્હંત થાય, સિદ્ધપદ વિચારે તો સિદ્ધ થાય. આચાર્યપદ વિચારે તો આચાર્ય થાય. ઉપાધ્યાયનો વિચાર કરે તો ઉપાધ્યાય થાય. સ્ત્રી રૂપ વિચારે તો સ્ત્રી થાય અર્થાત્ જે સ્વરૂપને વિચારે તે રૂપ ભાવાત્મા થાય." અંતરાત્મા સતત આત્મભાવને રુચિપૂર્વક સત્યપુરુષાર્થથી આરાધે તો તે સ્વરૂપ થાય છે.

ગ્રંથાધિરાજ સમયસારમાં સંવર અધિકાર ગાથા-૧૮૬માં કહ્યું છે,

शुद्धं तु वियाणन्तो सुद्धं चेवप्पयं लहइ जीवो ।
जाणंतो दु असुद्धं असुद्धमेवप्पयं लहइ ॥

**હરિગીત પદ્ય :**

જે શુદ્ધ જાણે આત્મને, તે શુદ્ધ આત્મ જ મેળવે;
અણશુદ્ધ જાણે આત્મને, અણશુદ્ધ આત્મ જ તે લહે.

જે શુદ્ધ આત્માને ધ્યાવે છે તે શુદ્ધ આત્માને પ્રાપ્ત કરે છે. જેવી ભાવના ભાવે છે તેવા થાય છે માટે અંતરાત્માને કહે છે કે હવે તું અંતરાત્મામાં વ્યવસ્થિત થઈને, તેમાં સ્થિર થઈને પરમાત્માની ભાવના ભાવતાં પરમાત્મદશામાં સ્થિતિ થશે.

શ્રી મહાજ્ઞાની પુરુષો એવી ભાવના સર્વ જીવ પ્રતિ ભાવે છે. અમે જેમાં સ્થિર થઈને આત્માનંદને માણીએ છીએ એવા સહુ આત્માનંદને માણો. એવી ઉચ્ચભાવના જગતના જીવો માટે ભાવે છે અને બહિરાત્માપણું છોડીને અંતરાત્મા બનો તથા અંતરાત્મપણું ત્યાગીને પરમાત્મા થાઓ તેમ કહે છે. સાધકને પીઠ થાબડનાર સત્પુરુષ મળી જાય તો ઠેકડો લગાવી આગળ દશાધારી બને છે.

**संकल्पसर्व वर्जितं :** ગ્રંથકાર ફરમાવે છે કે અંતરાત્મામાંથી પરમાત્મદશા પ્રાપ્તિ માટે એક વધુ સાહસ સાધવાનું છે. સર્વ સંકલ્પનો ત્યાગ કરીને ચાલ્યો આવ. સર્વ સંકલ્પ-વિકલ્પથી રહિત થઈને પુરુષાર્થની ધારા લગાવી દે.

તીક્ષ્ણ ભેદજ્ઞાન કરીને, સમ્યક્ પુરુષાર્થ આદરીને જાગૃત થા. નોકર્મ તેમાં - બદ્ધ નોકર્મ અને અબદ્ધ નોકર્મથી રહિત થઈને, જ્ઞાનાવરણ આદિ આઠ કર્મ - તેનાં ભાવથી અર્થાત્ દ્રવ્યકર્મના ભારથી મુક્ત થઈને તથા ભાવકર્મ (રાગ-દ્વેષ-અજ્ઞાન આદિ જે ભાવો) ઊભા થાય છે, મન, વચન, કાયા સંબંધી જે વિચાર તેથી વર્જિત થઈને પરમાત્મદશા પમાય છે. મારો આત્મા શુદ્ધ-ચેતન આનંદઘન છે તે હું છું. એવી પહેલા ભાવના ભાવીને પછી તે પરમાત્મસ્વરૂપમાં લય થઈ જવું તો પરમાત્મપણું પમાય છે. આ પરમાત્મપદ પ્રાપ્તિનો ઉપાય છે.

પરમકૃપાળુદેવ મહાગ્રંથ આત્મસિદ્ધિશાસ્ત્રમાં લખે છે,

"એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત."

અંતરાત્મદશામાંથી પરમાત્મદશામાં સ્થિતિ થવાનો એક જ માર્ગ છે. એક જ ઉપાય છે. હું આત્મા છું. શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન છું. સ્વયં જ્યોતિસ્વરૂપ છું. સુખધામ છું. હું દેહાદિ સ્વરૂપ નથી. અહં મમત્વભાવથી વિરક્ત છું. દેહ-સ્ત્રી-પુત્ર આદિ કોઈ મારા નથી, ભૂતકાળમાં ન હતાં, વર્તમાનમાં નથી અને ભવિષ્યકાળમાં થવાના નથી. તેમાં મોહબુદ્ધિ તે ભ્રાન્તિ છે. તેને છોડીને - હું શુદ્ધ ચૈતન્ય અવિનાશી એવો આત્મા છું એવી મંગલ ભાવનાની નિરંતરતા જીવને રહે તે પરમાત્મદશાનો આરાધક બને છે.

સત્યાર્થની પરિભાષામાં પૂ. સોગાનીજીના ભાવો છે કે "વસ્તુ અને વસ્તુમાં એકાગ્રતા-પ્રસરણ. બસ તે જ બે વાત છે. એકાગ્રતા થતાં થતાં મુક્તિ થઈ જાય છે. (તેના સિવાય) સાંભળવું, તત્ત્વચર્ચા કરવી તે બધુંય વિષયસેવન છે. કારણ કે બહિર્મુખભાવ છે. પોતાના વિષયને છોડીને તેને વિષય બનાવે છે તો પોતાનો વિષય પડ્યો રહે છે. ફક્ત બેઠક જ બદલવાની છે. પરિણામ પર બેઠા છો તો ત્યાંથી ઉઠીને અપરિણામી પર બેસી જાઓ. બસ આટલી જ વાત છે." પરમાત્મદશાની નિરંતરતાનો આ બોધ છે.

पू. श्री शीतलप्रसादजी लिखते है, "अपने आत्मा का जो यथार्थ स्वरूप परमात्मा है, उसको जानकर उसी का अनुभव करना चाहिए। अर्थात् पहले भावना करके फिर उस स्वरूप में लय होना चाहिए।"

બહિરાત્મા ભ્રાન્તિથી મુક્ત થયો. અંતરાત્મામાં સ્થિતિ થઈ. હવે પરમાત્મદશાના ઉપાયમાં ભેદજ્ઞાન અને સમત્વભાવ એ મુખ્ય છે. જે ભેદજ્ઞાની બને છે તે સમભાવમાં સ્થિર થઈ શકે છે. તેને શત્રુ કે મિત્ર, રાગ કે દ્વેષ, સ્તુતિ કે નિંદા, ઈષ્ટ કે અનિષ્ટભાવની કલ્પના છૂટી જાય છે. 'શ્રી નેમીશ્વર વચનામૃત શતક'ના ૮૦મા શ્લોકમાં ઉત્તમ વાત જોવા મળે છે. "જે જીવ સ્થિર થઈને પોતાના સ્વરૂપને અનુભવશે તે જીવનું ચિત્ત વનની વચ્ચે પણ શાંતરસથી ભરાઈ જશે. અને તે અભિનંદિત આનંદિત થશે. ભ્રાન્તિરૂપ ઘનઘોર સંસારવનથી તે છૂટી જશે ને તેને મોક્ષસુખનો લાભ થશે." જે જીવ સ્થિર થાય છે તે સર્વ વિકલ્પોથી રહિત થઈ પરમાત્મા બની શકે છે. સમભાવમાં સ્થિતિ થયેલી છે તેને જગતમાં ગમે તેવા વિપરીત સંયોગો આવે કે રાગસભર સ્થિતિઓ ઉત્પન્ન થાય - સર્વ સ્થિતિમાં સમત્વભાવ ટકી રહે છે. અનુક્રમે આગળ વધતાં વધતાં પરમાત્મપદમાં સ્થિતિ પામે છે.

પૂ. બેનશ્રી ચંપાબેનની સમધારા વહેતી સરસ્વતી છે કે "બકરાના ટોળામાં રહેતું પરાક્રમી સિંહનું બચ્ચું પોતાને બકરીનું બચ્ચું માની લે પણ સિંહને જોતા અને ગર્જના સાંભળતાં, 'હું તો આના જેવો સિંહ છું' એમ સમજી જાય અને સિંહપણે પરાક્રમ ફોરવે. તેમ પર અને વિભાવની વચ્ચે રહેલા આ જીવને મૂળ સ્વરૂપ બતાવનાર સદ્‌ગુરુની વાણી સાંભળતાં તે જાગી ઊઠે છે. 'હું તો જ્ઞાયક છું' એમ સમજી જાય છે અને જ્ઞાયકપણે પરિણમી જાય છે."

સ્વસ્વરૂપની જાગૃતિ સમભાવની પ્રક્રિયામાં લઈ આવે છે. ભવ્યાત્મા પરમશાંતરસની રાસલીલાનો ચાહક, વાહક અને ધારક થઈ જાય છે.

અંતરાત્મા પરમાત્મદશાનો પથિક છે. તેથી ગાઈ ઊઠે છે ગુંજન થવા લાગે છે -

- સમભાવી સદા પરિણામ થશે,
  જડ મંદ અધોગતિ જન્મ જશે;
  શુભ મંગળ આ પરિપૂર્ણ ચહો,
  ભજીને ભગવંત ભવંત લહો.

**શ્લોકનું પદ્ય :**

- બહિરાત્મા તજી આમ, અંતરાત્મા બની અહો !
  સર્વ સંકલ્પથી મુક્ત, પરમાત્માપણું લહો.
  **– પૂ. બ્રહ્મચારીજી**
- એમ તજી બહિરાત્મને, થઈ મધ્યાત્મસ્વરૂપ;
  સૌ સંકલ્પ વિમુક્ત થઈ, ભાવો પરમ સ્વરૂપ.
  **– શ્રી છોટાલાલ ગાંધી**
- शीघ्राति-शीघ्र बहिरात्म-पना विसार,
  औ अंतरात्म-पनको रुचि संग धार।
  संकल्प, जल्प-विहीन भी हो,
  पश्चात् सुपूज्य परमेश्वर रूप पाओ॥
  **– પૂ.શ્રી વિદ્યાસાગરજી મહારાજ**

• • • (ક્રમશઃ)

# શ્રી દર્શનસ્તુતિ - એક અનુચિંતન

**(રચયિતા : પંડિતવર્ય દૌલતરામજી) (ક્રમાંક - ૭)**

**આધાર : પૂજ્યશ્રી આત્માનંદજીના સ્વાધ્યાય તથા અન્ય વિવેચન**

**પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી**

**(ગાથા - ૭)**

**तुम शासन सेय अमेय जीव,**
**शिव गये जाहिं जैहैं सदीव;**
**भवसागर में दुःख छारवारि,**
**तारन को और न आप टारि ॥**

**શબ્દાર્થ :** તમારા બતાવેલા માર્ગ પર ચાલીને અનંત જીવ મોક્ષ પામ્યા છે, પામી રહ્યા છે અને સદાકાળ પામતા રહેશે. આ સંસારરૂપી સમુદ્રમાં દુઃખરૂપી અથાગ ખારું પાણી ભર્યું છે. તમારા સિવાય આ જીવને તેમાંથી પાર ઉતારવા કોઈ સમર્થ નથી.

## વિશેષ વિચારણા

પ્રભુનો - પરમાત્માનો આપણા ઉપર કેટલો મોટો ઉપકાર છે ! વ્યવહારમાં પણ જેઓ પરોપકારના, સેવાના, દાનના વગેરે લોકકલ્યાણ માટે સત્કાર્યો કરે છે તેમનો સમાજ ઉપકાર માને છે અને તેમનું બહુમાન કરી ઋણ વ્યક્ત કરે છે. ભગવાને આપણા ઉપર કરુણા કરી જે ઉપકાર કર્યો છે તેનો બદલો કોઈ કાળે વાળી ન શકાય.

- અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર;
  આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.

**– શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર - ગાથા ૧૨૪**

- શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સહુ હીન;
  તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન.

**– શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર - ગાથા ૧૨૫**

(પ્રત્યક્ષ સદ્‌ગુરુ આપણા માટે પરમાત્મા સમાન જ છે.)

જેમ કોઈ દર્દી ડૉક્ટર પાસે જઈ પોતાના રોગનું નિદાન કરાવી, તેમની સલાહ પ્રમાણે દવા લે છે તથા ચરી પાળે છે તો તેનો રોગ મટી જાય છે. તેમ હે ભગવાન ! હે કરુણાનિધાન ! આપે જે દિવ્યજીવન જીવવા માટે આપની અનુભવવાણી દ્વારા બોધ આપ્યો અને જે ભવ્ય જીવોએ તે બોધ સમજીને પોતાના જીવનમાં ઉતાર્યો તેમનું કલ્યાણ થઈ ગયું. એટલે કે જેઓએ આપની આજ્ઞા પ્રમાણે પોતાના સ્વરૂપની - આત્માની આરાધના કરી તેમનો ભગરોગનો નાશ થઈ ગયો. તેમના જન્મ, જરા, મૃત્યુનો અંત થઈ ગયો અને તેઓ મોક્ષપદને પામી ગયા.

તમારા શાસનની સેવાથી - આપના ચરણની ઉપાસનાથી અત્યારે પણ જીવો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અનુસાર મોક્ષે જઈ રહ્યા છે અને ભાવિકાળમાં પણ જશે. આ કાળે, આ ક્ષેત્રે પણ ભવ્ય જીવો યથાશક્તિ સમ્યગ્‌દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના કરી અંશે મોક્ષ પામી રહ્યા છે તથા આત્મિક આનંદ અને શાંતિનો અનુભવ કરી રહ્યા છે.

**भवसागर में दुःख छारवारि ।**

પરમકૃપાળુદેવે સંસારને ચાર ઉપમા આપી છે તેમાં પ્રથમ સમુદ્રની ઉપમા આપી છે. સંસારરૂપી સમુદ્ર અનંત અને અપાર છે. સંસારને મહાજ્ઞાનીઓએ ત્રણ પ્રકારે તથા પાંચ પ્રકારે કહ્યો છે.

**ત્રણ પ્રકાર :**

આધિ-વ્યાધિ-ઉપાધિ ત્રિવિધ તાપરૂપ સંસાર.

જન્મ, જરા, મૃત્યુ રૂપ સંસાર.

શાસ્ત્રીય પદ્ધતિથી પાંચ પ્રકાર કહ્યાં છે,

**ભાવસંસાર :** મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ. જે આસ્રવ - બંધ કરાવી દ્રવ્ય સંસારમાં પરિભ્રમણ કરાવે છે.

**બીજી રીતે :** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ તથા ભવ પરાવર્તનરૂપ સંસાર કે જ્યાં દુઃખ, દુઃખ અને દુઃખ જ છે.

આવા ભવસાગરના દુઃખોથી મુક્ત થવા અને પરમ આનંદ - સહજ શાશ્વત સુખની પ્રાપ્તિ માટે હું તમારે શરણે આવ્યો છું.

આ સંસારસાગરનું પાણી અનંત છે તથા અથાગ દુઃખરૂપ ખારાશથી ભરેલું છે. આવા ભયંકર સંસારસાગરથી તારવા માટે આપના સિવાય કોઈ સમર્થ નથી, તેથી આપના ચરણરૂપી નાવમાં હું બેસી ગયો છું.

- ભક્તામર પ્રણતમૌલિમણિ પ્રભાણા
  મુદ્યૌતકં દલિતપાપતમોવિતાનમ્ ।
  સમ્યક્પ્રણમ્ય જિનપાદયુગં યુગાદા -
  વાલંબનં ભવજલે પતતાં જનાનામ્ ॥

**– શ્રી ભક્તામર સ્તોત્ર શ્લોક ૯**

સંસારસાગરમાં ડૂબકા ખાતા આ જીવને પરમાત્મા અને જ્ઞાનીપુરુષોનું શરણ - સર્વોત્કૃષ્ટ નાવ સમાન છે.

- સત્ કી નાવ ખેવટિયા સત્ગુરુ
  ભવસાગર તરી આયો -
  પાયોજી મૈને રામ રતન ધન પાયો.

**– ભક્ત કવયિત્રી મીરાંબાઈ**

- અશરણ કે તુમ શરણ હો, નિરાધાર આધાર;
  મૈં ડૂબત ભવસિંધુમેં, ખેઓ લગાઓ પાર.

**– શ્રી વિનયપાઠ - ગાથા ૧૭**

- સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી,
  આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
  અનાથ એકાંત સનાથ થાશે,
  એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.

**– શ્રીમદ્ રાજચંદ્ર - અશરણ ભાવના**

જ્યાં સુધી આ જીવને અહંભાવ છે ત્યાં સુધી મોક્ષ મળે નહીં. તે જવા માટે પરમાત્માની સંપૂર્ણ, એકતરફી, બિનશરતી, વિવેકપૂર્વક શરણાગતિ સ્વીકારવી પડશે. (Total, Unilateral, unconditional, Enlightened, Surrender)

- આ દેહાદિ આજથી વર્તો પ્રભુ આધીન;
  દાસ, દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન.

**– શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર - ગાથા ૧૨૬**

- મારી નાડ તમારે હાથે હરિ સંભાળજો રે,
  મુજને પોતાનો જાણી પ્રભુપદ પાળજો રે.

**– ભક્તકવિ કેશવદાસજી**

- તું ગતિ તું મતિ આશરો,
  તું આલંબન મુજ પ્યારો રે,
  વાચક યશ કહે માહરે તું
  જીવજીવન આધારો રે. ગિરુઆ રે.

**– મહોપાધ્યાય શ્રી યશોવિજયજી**

આપણને પરમાત્મા અને સંત-સદ્ગુરુ સિવાય કોઈ શરણ નથી એમ નિશ્ચય કરવો. મૃત્યુ સમયે - સમાધિભાવના ભાવવી. પ્રભુ-ગુરુ-સત્સંગીઓના સાન્નિધ્યમાં દેહત્યાગ કરવો.

- દિનરાત મેરે સ્વામી, મૈં ભાવના યે ભાઉં,
  દેહાંત કે સમય મેં, તુમકો ન ભૂલ જાઉં.
- શુભ શીતળતામય છાંય રહી,
  મનવાંછિત જ્યાં ફળ પંક્તિ કહી;
  જિનભક્તિ ગ્રહો, તરુકલ્પ અહો,
  ભજીને ભગવંત ભવંત લહો.

**– શ્રીમદ્ રાજચંદ્રજી**

**(અનુસંધાન પાના નં. ૧૨ પર...)**

# શ્રી દેવચંદ્રજી ચોવીશી

**અશોકભાઈ પી. શાહ**

### શ્રી ઋષભજિન સ્તવન પ્રારંભ

**ભૂમિકા :** આત્મજ્ઞાની મહાપુરુષોની એક ખાસિયત એ રહી છે કે તેમને જ્ઞાન પ્રગટ્યું હોવા છતાં, પ્રભુ સાથે પ્રીતિ કરીને તેમના દાસ થઈને રહેવાનું વધુ પસંદ કર્યું છે. અને એમ જ હોય ને ? કારણ કે પોતે જે નિર્મળ આત્મદશાને પામ્યા છે તેના પાયામાં તો પ્રભુ સાથે કરેલો વિશિષ્ટ પ્રેમસંબંધ જ હતો. આ સત્પુરુષોને ક્ષેત્ર અપેક્ષાએ ભલે પ્રભુથી ઘણી દૂરી હતી પરંતુ ભાવ અપેક્ષાએ તો પ્રભુને પોતાના હૃદયમાં બેસાડી એકત્વ સાધ્યું હતું. તેના જ ફળ સ્વરૂપે તેઓમાં પછી પ્રભુ જેવું જ સમ્યગ્દર્શન, આત્મજ્ઞાન ઉદય પામે છે. કદાચિત્ કોઈ મહાત્મા પોતાની વિશિષ્ટ પ્રજ્ઞાથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરી લે, તો પણ જો પ્રભુભક્તિની ઓછપ લાગે તો તેમને બહુ ખટકે છે, એમ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક - ૨૮૨માં કહે છે કે, *"આત્મદર્શન પામ્યા છતાં વ્યાસજી આનંદસંપન્ન થયા નહોતા; કારણ કે હરિરસ અખંડપણે ગાયો નહોતો."* હરિરસનું આવું માહાત્મ્ય આપણે ગત અંકની પ્રસ્તાવનામાં જોયું હતું.

આવા હરિરસનું પાન કરવા જ યોગીશ્વર આનંદઘનજીએ પ્રથમથી જ ઋષભદેવને પ્રીતમ બનાવી સાદિ અનંત સિદ્ધપદનું રજિસ્ટ્રેશન કરાવી લીધું હતું ! તો શ્રીમદ્ દેવચંદ્રજી કંઈ પાછા પડે તેમ નથી ! તેઓ પણ આ પ્રથમ સ્તવનમાં જ ઋષભ જિણંદ સાથે પ્રીતિ કરવાનો આત્યંતિક ઉત્સાહ બતાવે છે. પરંતુ આ પ્રીતિ માત્ર ઔપચારિક ન બનતાં તાત્ત્વિક બને તે હેતુથી પ્રીતિ કઈ રીતે કરવી, તેમાં રાગના અંશો હોય તેનું શું ? પ્રીતિ કરવામાં કેટલીક Practical મુશ્કેલીઓ છે તેનું શું કરવું ? એવા મનોમંથનમાંથી નીકળેલા અનેક પ્રશ્નો બુદ્ધજનોને પૂછીને સમાધાન મેળવે છે, જેથી ઋષભ જિણંદ સાથેની પ્રીતિ એવી દૃઢપણે બંધાય કે પોતામાં પણ પ્રભુ જેવી પ્રભુતા પ્રગટાવીને જ રહે, જે તેમનું મૂળ લક્ષ છે. તો ચાલો જોઈએ કે આ સ્તવનમાં તેઓ કઈ રીતે ભક્તિના સોપાનો ચઢતાં ચઢતાં પરાભક્તિને પામે છે.

**ઋષભ જિણંદશું પ્રીતડી, કિમ કીજે હો કહો ચતુર વિચાર;**
**પ્રભુજી જઈ અલગા વસ્યા, તિહાં કિણે નવિ હો કો વચન ઉચ્ચાર.**

**— ઋષભ૦ ૧**

**શબ્દાર્થ :** શ્રી ઋષભ જિનેશ્વર સાથે કઈ રીતે પ્રીતિ કરવી, તે હે ચતુર પુરુષ, તમે વિચારીને કહો. (મુશ્કેલી એ છે કે) પ્રભુજી તો ઘણા દૂર અળગા જઈને વસ્યા છે. ત્યાં કંઈ પણ વચનનો ઉચ્ચાર હોતો નથી. (પ્રીતડી = પ્રેમ; ચતુર = પ્રજ્ઞાવંત પુરુષ; અલગા = જુદા, અળગા, દૂર; વસ્યા = રહે છે; તિહાં કિણે = ત્યાં કને, તે જગ્યાએ; નવિ હો = હોતો નથી; કો = કંઈ પણ)

**ભાવાર્થ :** ગણીશ્રી દેવચંદ્રજીની પ્રભુમિલનની તીવ્ર ઝંખનાના દર્શન આ ગાથામાં થાય છે. માછલી પાણીમાંથી બહાર ફેંકાઈ જતાં જેમ પાણી માટે તરફડે તેવી છે આ પ્રભુ સાથે પ્રીતિ કરવાની ઝંખના. અને આવી પ્યાસમાંથી જ ઊગે છે આવો પ્રશ્ન કે હું કઈ રીતે ઋષભ જિણંદ સાથે પ્રીતિ કરું કે જ્યારે 'બાહ્યદૃષ્ટિએ' જોતાં તો મિલનના બધા દ્વાર બંધ છે. એક તો પ્રભુ લોકાગ્રે જઈ મારાથી અબજો યોજન દૂર અળગા જઈ સિદ્ધલોકમાં વસ્યા છે. સર્વાર્થસિદ્ધના દેવો જે સિદ્ધશિલાથી માત્ર ૧૨ યોજન નીચે છે, તેઓ પણ પ્રભુ પાસે જઈ શકતા નથી તો મારા જેવાનું તો શું ગજું ? વળી પ્રભુ તો મન,

વચન, કાયાના યોગથી રહિત એવા અયોગી પદે બિરાજે છે; જેથી ત્યાં કોઈ વાણી-વ્યવહાર જ નથી. તેથી કોઈ ઉપાયે ત્યાં પહોંચું તો પણ કંઈ વાર્તાલાપ તો થશે નહીં. અને એકબીજા સાથે વાત કર્યા વગર પ્રીતિ કેવી રીતે કરવી ? વળી પ્રભુ સાથેની દૂરી માત્ર ક્ષેત્રથી નહીં, પરંતુ ભાવથી પણ છે, કારણ કે હું તો હજુ રાગી-દ્વેષી છું અને પ્રભુ વીતરાગી છે. આવી પરિસ્થિતિમાં હે પ્રજ્ઞાવંત(ચતુર) સત્પુરુષો, આપને વિનંતી કરું છું કે ઋષભજિણંદ સાથે પ્રીતિ-સંબંધ કઈ રીતે બાંધવો એ આપ વિચાર કરીને જણાવવા કૃપા કરો. પ્રભુમિલન માટે બીજી પણ કેટલીક મુશ્કેલીઓ હવે જણાવે છે :

**કાગળ પણ પહોંચે નહીં, નવિ પહોંચે હો તિહાં કો પરધાન;**
**જે પહોંચે તે તુમ સમો, નવિ ભાખે હો કોનું વ્યવધાન.**

**— ઋષભ૦ ૨**

**શબ્દાર્થ :** ત્યાં ન તો મારો પત્ર પહોંચી શકે કે ના તો મારો કોઈ સંદેશવાહક પહોંચી શકે. જે આપની પાસે પહોંચે તે આપના જેવો જ (વીતરાગી) હોય. તેથી તે મારી વાત તમારી પાસે ભાખવાનો અર્થાત્ કહેવાનો નથી. આવા સંજોગોમાં ઋષભ જિણંદ સાથે કઈ રીતે પ્રીતિ કરવી ? (કાગળ = પત્ર; પરધાન = પ્રધાન, સંદેશવાહક, દૂત; તુમ સમો = આપના જેવો; ભાખે = બોલે, કહે; કોનું = કોઈનું; વ્યવધાન = હકીકત, વાત)

**ભાવાર્થ :** લૌકિકમાં તો બે પ્રેમીઓ દૂર હોય તો પણ પત્રવ્યવહારથી પ્રેમ વ્યક્ત કરી શકે છે. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી અને તેમના ભક્તો વચ્ચે પારમાર્થિક પત્રવ્યવહાર એવો અલૌકિક થતો કે ભક્તનો પ્રેમ-પત્ર જોઈ કૃપાળુદેવ પ્રત્યુત્તરમાં દ્વાદશાંગનો નીચોડ આપી દેતા ! પણ તે એટલા માટે શક્ય હતું કે ગુરુ-શિષ્યોનું સાક્ષાત્ મિલન થતું હતું. જ્યારે અહીં તો શ્રી દેવચંદ્રજી કહે છે કે હું મારો પ્રેમભર્યો પત્ર લખું તો પણ તે પ્રભુને પહોંચવાનો નથી, કારણ કે એક તો પ્રભુ ઘણા દૂર સિદ્ધલોકમાં છે અને બીજું, મારા પત્રમાં તો અનાયાસે પૌદ્ગલિક વાતો અથવા પ્રભુના બાહ્ય સ્વરૂપનો જ મહિમા કદાચિત્ આવી જાય. તેથી મારો પત્ર વીતરાગી પ્રભુ પાસે પહોંચે એવી મારી લાયકાત કદાચ ઓછી પડે તો ભાવ અપેક્ષાએ પણ પત્ર ન પહોંચે. વળી, મારા કોઈ પ્રધાનને અર્થાત્ સંદેશવાહકને મારો પ્રેમસંદેશ લઈને મોકલવાનો વિચાર કરું તો તે પણ અશક્ય છે, કારણ કે જે મારા જેવો દેહધારી મનુષ્ય હોય તે તો સિદ્ધલોકમાં પહોંચી જ ન શકે અને જે પહોંચી શકે એ તો 'તુમ સમો' તમારા જેવો પરમાત્મા જ હોય. તો એમાં પણ મુશ્કેલી છે કે એ પણ તમારી જેમ વીતરાગી, અયોગી જ હોય. તેને વચનયોગ જ ન હોય તો તે મારી હકીકત (વ્યવધાન) મારી પ્રેમકહાની આપની પાસે ભાખી જ ન શકે, કહી ન શકે. જુઓ, શ્રી દેવચંદ્રજી મહારાજ પરમ ભક્ત તો છે જ પણ સાથે કવિ છે. તેથી 'જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ' ની જેમ પોતાની કલ્પનાશક્તિને ભગવત્પ્રેમમાં છૂટો દોર આપે છે. પ્રભુ સાથે પ્રીતિ કરવામાં આમ અનેક મુશ્કેલીઓ હોવા છતાં તેમની ભક્તિમાં એવી અનન્ય નિષ્ઠા છે કે નિરાશ ન થતાં પ્રભુ સાથે લૌકિકને બદલે લોકોત્તર પ્રીતિ કરવા તરફ હવે વળે છે :

**પ્રીતિ કરે તે રાગીઆ, જિનવરજી હો તુમે તો વીતરાગ;**
**પ્રીતડી જેહ અરાગીથી, ભેળવવી હો તે લોકોત્તર માર્ગ.**

**— ઋષભ૦ ૩**

**શબ્દાર્થ :** જે પ્રીતિ કરે તે રાગી જીવ ગણાય. અને હે જિનવરજી ! તમે તો વીતરાગ છો. તો વીતરાગીથી જે પ્રીતિ કરવાની હોય, તેનો માર્ગ તો લોકોત્તર હોવો ઘટે. (અરાગી = વીતરાગી; ભેળવવી = કરવી, એકત્વ સાધીને કરવી; લોકોત્તર = અલૌકિક)

**ભાવાર્થ :** સંસારમાં શરીર, સ્ત્રી, પુત્ર, ધન,


**(અનુસંધાન પાના નં. ૨૭ પર...)**

# સત્પાત્રતા વિષયક ચાર્ટ

|| શ્રી વીતરાગાય નમઃ || ૐ || શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ ||

# સત્પાત્રતા

સંકલન : રીના એ. શાહ
(સાબરમતી)



# સત્પાત્રતા વિષયક ચાર્ટ

# શ્રાવકાચાર (એકદેશ ચારિત્ર)
## (ક્રમાંક - ૪)

**બા.બ્ર.શ્રી સુરેશજી**

(ગતાંકથી ચાલુ...)

શ્રાવકના ૨૧ ગુણોમાંથી ૧ થી ૧૬ ગુણો વિષે ગતાંકોમાં જાણ્યું. આ અંકમાં શ્રાવકના ૧૭ થી ૨૧ ગુણો પર વિચારણા કરીશું.

**(૧૭) તજ્ઞ :-**

**"કર્મ કૌશલ્યને તજ્ઞતા કહે છે. એવા કાર્યકુશળને તજ્ઞ કહેવાય છે."** કુશળતા લૌકિક તથા આધ્યાત્મિક એમ બે પ્રકારે કહી છે. કોઇ લૌકિક કાર્યને ઓછા સમયમાં, ઓછી શક્તિ દ્વારા, ઓછા સંસાધનોથી, અલ્પ ક્લેશપૂર્વક, શાંતિપૂર્વક સંપન્ન કરવાની કળાને લૌકિક કુશળતા કહે છે. તથા કોઇ કાર્યને નિર્લિપ્ત ભાવથી યત્નાપૂર્વક, આત્મજાગૃતિ રાખીને કરવું તે આધ્યાત્મિક કર્મ કૌશલ્ય છે. અહીં નિર્લિપ્તભાવથી તાત્પર્ય ઉપર ઉપરથી કરવું એમ ન હોઇને મનોયોગપૂર્વક કરવું પરંતુ નિષ્કામભાવથી કરવું એમ છે. આને જ કર્મકૌશલ્ય કે કર્મરહસ્ય કે કર્મયોગ કહે છે. એક સાચો શ્રાવક ઉપરોક્ત બન્ને પ્રકારની કુશળતાઓથી યુક્ત હોય છે. આને જ નિપુણ કે તજ્ઞ શ્રાવક કહેવાય છે.

**(૧૮) ધર્મજ્ઞ :-**

**"ધર્મના સ્વરૂપને યથાર્થ જાણનારને ધર્મજ્ઞ કહે છે."** વીતરાગ સર્વજ્ઞ દેવે વ્યવહાર ધર્મ તથા નિશ્ચય ધર્મ એમ બે પ્રકારે ધર્મનું સ્વરૂપ બતાવ્યું છે. બન્ને પ્રકારોને વિવિધ નયો તથા પ્રમાણોથી યથાર્થરૂપે જાણવું તે શ્રાવકનો ધર્મજ્ઞતા નામનો પ્રાણભૂત ગુણ છે.

**(૧૯) ન દીન ન અભિમાની મધ્યવ્યવહારી :-**

સ્વાભિમાન શૂન્ય યાચકદશાને **'દીનતા'** કહે છે. તેનાથી વિપરીત સ્વાભિમાનયુક્ત અયાચક દશાવાળાને **'ન દીન'** કહેવાય છે તથા પરવસ્તુમાં **'હું'** અને **'મારાપણાના'** ભાવને **'અભિમાન'** કહે છે. તેનાથી વિપરીત હું અકિંચન છુ, મારું કાંઈપણ નથી એવા સ્વભાવવાળાને **'ન-અભિમાની'** કહેવાય છે. જે ન દીન છે, ન અભિમાની છે તેને **'મધ્ય વ્યવહારી'** કહે છે. દીનતા તથા અભિમાન સામાન્યરૂપથી સંપત્તિના સાપેક્ષ કહેવાય છે. અર્થાત્ જેમની પાસે સંપત્તિ ઓછી છે તેને દીન તથા જેમને સંપત્તિનો ગર્વ છે તેને અભિમાની કહેવાય છે. આ સંપત્તિ બે પ્રકારે કહી છે - એક તો લૌકિક સંપત્તિ તથા બીજી આત્મિક સંપત્તિ. એક સાચો શ્રાવક આ બન્નેના વિષયમાં મધ્યવ્યવહારી હોય છે. જ્યારે લૌકિક સંપત્તિ ઓછી હોય ત્યારે સાચો શ્રાવક તેને પોતાના પાપરૂપ અંતરાય કર્મનો ઉદય જાણીને સંતોષવૃત્તિ ધારણ કરી લે છે અને પોતાની આવશ્યકતાઓ ઓછી કરી દે છે, પરંતુ ભીષણ ગરીબીમાં પણ પોતાની ન્યૂનતમ (પ્રાથમિક) આવશ્યકતાઓ સિવાય વિષયભોગની સામગ્રી માટે સ્વાભિમાન શૂન્ય થઈને કોઈની આગળ દીન બનીને હાથ ફેલાવતો નથી તથા જ્યારે અપેક્ષાકૃત સંપત્તિ વધારે થઇ જાય તો તે તેને પુણ્યનું વિપાક (ફળ) જાણીને અને અસ્થિર ચંચળ સ્વભાવયુક્ત સમજીને તેનો ગર્વ કરતો નથી. આત્માના ગુણોને આત્મિક સંપત્તિ કહે છે. આત્માના અનંત ગુણોમાં સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન તથા સમ્યક્ચારિત્ર આ ત્રણ નિયામક, મૂળભૂત, પ્રધાન ગુણો મનાય છે. સાચો શ્રાવક નિયમથી સમ્યક્દષ્ટિ હોય છે. અર્થાત્ હું અનંતજ્ઞાનાદિ અનંત ગુણોથી યુક્ત સ્વયં પરમાત્મ સ્વરૂપ છું એવું તેનું દૃઢ શ્રદ્ધાન થઇ જાય છે. આ

શ્રદ્ધાનથી અત્યાર સુધી જે પોતાને દીન-હીન, પરદ્રવ્યોને પરાધીન માનતો હતો હવે તે તેના આત્મિક વૈભવનું સાચું જ્ઞાન, શ્રદ્ધાન થઇ જવાથી તે સ્વમાની થઇને દીનતાથી રહિત થઇ જાય છે, તથા તે સાથે જ તે પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર થઇ જવાથી અત્યાર સુધી જે ક્ષયોપશમ જ્ઞાન, પોતાની મિથ્યા પ્રતિષ્ઠા, કુળ, જાતિ, બળ, ઋદ્ધિ, તપ, શરીર, ઈત્યાદિમાં અહંકાર કર્યો હતો તે મટી જાય છે અને પોતાનામાં જ્યારે વીતરાગદેવ તથા નિર્ગ્રંથ ગુરુ જેવા ગુણોનો અભાવ દેખાય છે ત્યારે પણ તે નિરાભિમાની થઇને તેમના પ્રત્યે સહજ વિનયાન્વિત થઇ જાય છે. આ રીતે સાચો શ્રાવક ન તો દીન હોય છે, ન તો અભિમાની હોય છે. આ બન્નેથી રહિત મધ્યવ્યવહારી હોય છે. અભિપ્રાય એ છે કે **"સ્વાભિમાનથી સહિત તથા અભિમાનથી રહિત એવું મધ્ય વ્યવહારી શ્રાવકનું આચરણ હોય છે."**

**(૨૦) સહજ વિનીત :-**

**"નૈસર્ગિક વિનયને સહજ વિનય કહે છે. જેનામાં બનાવટીપણું ન હોય તથા હૃદયથી ઉત્પન્ન થયો હોય તેને નૈસર્ગિક વિનય કહે છે."** આને જ સ્વભાવ માર્દવ કે સહજ વિનીત એવું નામ આપ્યું છે. સાચા શ્રાવકમાં સમ્યક્ત્વના પ્રભાવથી મિથ્યાભિમાન નીકળી જવાથી તેનો સ્વભાવ સહજ જ નમ્રતાયુક્ત તથા કોમળ થઇ જાય છે. જ્ઞાનમાં કેવળજ્ઞાન, ધ્યાનમાં શુક્લધ્યાન, તપમાં ધ્યાનતપ અને વ્રતોમાં બ્રહ્મચર્યને જેમ શ્રેષ્ઠ કહ્યું છે તેવી જ રીતે ક્ષમાદિ ગુણોમાં વિનયગુણને શ્રેષ્ઠત્તમ મનાયો છે. તેનું મુખ્ય કારણ એ છે કે સાધકનો સૌથી મોટો શત્રુ જો કોઇ હોય તો તે છે અહંકાર. વિનય પ્રગટ થવાથી અહંકાર એવી રીતે નષ્ટ થઇ જાય છે કે જેમ પ્રકાશ થવાથી અંધકાર વિલુપ્ત થઇ જાય છે. બીજું પ્રધાન કારણ એ છે કે વિનયગુણ પ્રગટ થવાથી શેષ અપ્રગટ ગુણ પણ સહજ જ પ્રગટ થવા લાગે છે અને વિનય ગુણના અભાવમાં બાકીના ઘણા પ્રગટ થયેલા ગુણ પણ નષ્ટ થવા લાગે છે. આવા સહજ વિનયના પ્રભાવથી શ્રાવક પોતાના શત્રુઓના મનને જીતીને અજાતશત્રુ તથા સૌનો પ્રિય બની જાય છે. સર્વ સિદ્ધિઓની સફળતાનું બીજ વિનયમાં સમાયેલું છે એવું જાણીને આત્માર્થીએ વિનય ગુણના અભ્યાસમાં લાગી જવું જોઇએ.

**(૨૧) પાપક્રિયાસો અતીત :-**

**"પાપકર્મ કરવાના અભિપ્રાયથી રહિત યત્નાપૂર્વક આચરણ કરનારને 'પાપક્રિયાસો અતીત' એમ કહે છે."** અભિપ્રાય અને પ્રમાદ એ બે જ પાપના નિયામક છે. સાચા શ્રાવકના મનમાં પાપનો અભિપ્રાય કદાપિ રહેતો નથી, તથા આંશિક સંયમ પ્રગટ થઇ જવાથી સર્વ ક્રિયાઓ યત્નાપૂર્વક થાય છે. પાપના અભિપ્રાયની શૂન્યતા તથા યત્નાચાર આ બન્ને મળીને પોતાના યથાપદવી (ગુણસ્થાન) અનુસાર શ્રાવકને પાપક્રિયાથી અતીત બનાવે છે. બીજું, શ્રાવક પોતાની આજીવિકા આદિ માટે પણ એવા કર્મ કે વ્યવસાયને કરતો નથી કે જેમાં અનૈતિકતા તથા ઘણી હિંસા હોય. હથિયારોનો વ્યવસાય, ચામડાનો વ્યવસાય, વકીલાત ઈત્યાદિ અતિ હિંસા, જૂઠ, છળ-કપટવાળા કર્મોને એક સાચો શ્રાવક કદાપિ કરતો નથી. આ હેતુથી પણ શ્રાવકને પાપક્રિયાથી અતીત કહ્યો છે. વાસ્તવમાં ઉપરોક્ત વ્યવસાય તીવ્ર લોભાદિ કષાયો વિના થઇ શકતા નથી; માટે જે વીતરાગ ધર્મના તથાકથિત અનુયાયી આ તીવ્ર પાપ કર્મોવાળો વ્યવસાય કરે છે, તેમનામાં સાચું શ્રાવકપણું કદાપિ સંભવ નથી. કારણ કે શ્રાવક સ્વભાવથી જ મંદકષાયી હોય છે.

આ રીતે પંડિતવર્ય શ્રી બનારસીદાસ કહે છે કે આ એકવીસ ગુણોનો ધારક શ્રાવક પરમ પવિત્ર હોય છે. સાચું ભાવશ્રાવકપણું પ્રાપ્ત કરવા માટે આ ગુણોનો ઓછામાં ઓછો જઘન્ય રીતે ૩૩% અર્થાત્ પ્રત્યેક ગુણ જઘન્ય પ્રકારે પ્રગટ થવો અનિવાર્ય છે અને ભાવશ્રાવકપણું અર્થાત્ પંચમ ગુણસ્થાન પ્રાપ્ત થતાં

આ બધા ગુણો નિયમથી ઉત્કૃષ્ટ પ્રકારે પ્રગટ થઇ જાય છે. એવું જાણીને સુજ્ઞજનોએ આ ગુણો પ્રગટ કરવાના ઉદ્યમમાં તત્પરતાપૂર્વક લાગી જવું જોઇએ.

હવે, આગળ આપણે શ્રાવકના વ્રતો વિશે વિચારણા કરીશું.

### ★ શ્રાવકના વ્રત ★

**● વ્રતની વ્યાખ્યા :**

**'હું આવું કરીશ અથવા હું આવું નહીં કરું'** આ પ્રકારના સંકલ્પ, પ્રણ કે પ્રતિજ્ઞાને વ્રત કહે છે અથવા સંકલ્પપૂર્વક પાપપ્રવૃત્તિઓના પરિહારને વ્રત કહે છે અથવા સંકલ્પપૂર્વક અશુભથી નિવૃત્તિ તથા શુભમાં પ્રવૃત્તિને વ્રત કહે છે. જે સંકલ્પ જીવનપર્યંત માટે લેવાય છે તે વ્રતની શ્રેણીમાં આવે છે તથા જે સંકલ્પ આંશિક સમય માટે લેવાય છે તેને નિયમ કહેવાય છે. નિયમોથી ધીમે ધીમે અભ્યાસ દ્વારા વ્રતોની સિદ્ધિ થાય છે. પરિપૂર્ણરૂપે પાપપ્રવૃત્તિઓના પરિહારના સંકલ્પને મહાવ્રત તથા આંશિકરૂપે પાપપ્રવૃત્તિઓના પરિહારને અણુવ્રત કહે છે. તેનું જ બીજું નામ દેશવ્રત છે. શ્રાવક દેશવ્રતી હોય છે. આ વ્રત બાર હોય છે.

શ્રાવકના દ્વાદશવ્રતોની ચર્ચા પહેલા શ્રાવકના મૂળ-પ્રાથમિક ગુણોની વિચારણા આવશ્યક છે. કારણ કે આ તો દ્રવ્ય તથા ભાવ બન્ને પ્રકારના શ્રાવકોમાં અવશ્ય હોવા જ જોઇએ.

**● શ્રાવકની મૂળભૂત ત્રણ વિશેષતાઓ :-**

(૧) દેવદર્શન

(૨) ગાળીને પાણી પીવું અથવા પ્રાસુક પાણી પીવું.

(૩) રાત્રિભોજન કરવું નહીં.

આ ત્રણ મૂળ વાતો કે જે શ્રાવકકુળમાં જન્મ લેનાર બધાને નિયમથી પાલન કરવા યોગ્ય છે. ચાહે તે બાળક હોય કે વૃદ્ધ. તેના વિના તે પોતાને શ્રાવકકુળનો કે જિનધર્માનુયાયી કહેવડાવવાને યોગ્ય થઇ શકતો નથી. **(ક્રમશઃ)**

● ● ●

## શ્રી દેવચંદ્રજી ચોવીશી

**(પાના નં. ૨૦ પરથી ચાલુ...)**

વૈભવ આદિ વ્યક્તિ અને વસ્તુઓ સાથે જે પ્રીતિ કરે તે રાગી મનુષ્યો કહેવાય. આવી પ્રીતિનો અભ્યાસ અનાદિથી આપણને અર્થાત્ સંસારી જીવોને છે. આવી લૌકિક પ્રીતિમાં મોહનું પોષણ થતું હોવાથી તે સંસાર પરિભ્રમણ વધારે છે. જ્યારે પ્રભુ સાથેની પ્રીતિ લોકોત્તર અર્થાત્ ત્રણે લોકમાં જેનો જોટો ન જડે તેવી અલૌકિક છે કારણ કે તેમાં જે કંઈ પણ રાગનો અંશ છે તે તો પ્રશસ્ત રાગ છે જે સંસારની પ્રીતિ અર્થાત્ મોહનો નાશ કરી વીતરાગતા તરફ જ દોરી જાય છે. તેથી જ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે, "રાગ કરવો નહિ, કરવો તો સત્પુરુષ પર કરવો." વળી, પ્રભુ સાથે પ્રીતિ માત્ર એકતરફી અર્થાત્ આપણા તરફથી જ થઈ શકે. પ્રભુ તો વીતરાગી હોવાથી સામો કોઈ Response, પ્રતિભાવ તો આપવાના નથી. તેથી આપણા રાગ-ભાવને પુષ્ટિ નહીં મળે અને આવી ભક્તિ નિષ્કામ, તાત્ત્વિક અને પારમાર્થિક હોવાથી પ્રભુના સ્વરૂપ સાથે અનુસંધાન કરાવી આપણને પણ વીતરાગતા અને મોક્ષ તરફ જ ગતિ કરાવશે.

શ્રી ગૌતમસ્વામીએ પ્રભુ મહાવીર સાથે આવી જ લોકોત્તર પ્રીતિ કરી હતી. તેથી જ જેવા પ્રભુ નિર્વાણ પામ્યા કે તુરત જ પોતે જાગૃત થતાં તેમનો પ્રશસ્ત રાગ પૂર્ણ વીતરાગતામાં પલટાયો અને તેઓ કેવળજ્ઞાન પામ્યા. તેથી જ "અરાગી સાથે પ્રીતિ ભેળવવી તે લોકોત્તર માર્ગ છે." એમ શ્રી દેવચંદ્રજી કહે છે. આવી અલૌકિક પ્રીતિ કરવાની રીત અને તેનું ઉત્તમ ફળ તે તેઓશ્રી આગળની ગાથાઓમાં બતાવશે, જે આપણે યથાવસરે જોઈશું. **(ક્રમશઃ)**

# શ્રી ભક્તામર સ્તોત્ર
**(ક્રમાંક - ૨૬)**

**મહેન્દ્રભાઈ કે. ખંધાર**

**તીર્થંકર પ્રભુના અષ્ટ પ્રાતિહાર્ય-નં.૫ : દેવદુંદુભિ**

● **મૂળ શ્લોક :** (વસંતતિલકા)

**गंभीर तार रवपूरित दिग्विभाग -**
**स्त्रैलोक्य लोक शुभ संगम भूति दक्षः ।**
**सद्धर्मराज जय घोषण घोषकः सन्,**
**खे दुन्दुभिर्ध्वनति ते यशसः प्रवादी ॥३२॥**

● **શબ્દાર્થ :** गंभीर - ગંભીર, ધીર, ઉદાત્ત, મધુર, तार - ઊંચા, મોટા, रव - ધ્વનિથી, સ્વરથી, पूरित - ગુંજાયમાન, दिग्विभागः - દિશાઓના વિભાગને, દિશામંડળને, त्रैलोक्य - ત્રણે લોકને, लोक - પ્રાણીઓ (જીવો)ના, शुभ - શુભ, संगम - સમાગમની, भूति - વિભૂતિ, दक्षः - સમર્થ, પ્રવીણ, सद्धर्मराज - સમીચીન ધર્મના અધિપતિ, તીર્થંકર, जय - જયકાર, घोषण - ઘોષણા, घोषकः - પ્રગટ (ઘોષણા) કરનાર, सन् - કહેતો થકો, खे - આકાશમાં, दुन्दुभि - દુંદુભિ, નગારા (વાજિંત્રો), ध्वनति - ધ્વનિ (ગુંજારવ) કરે છે, ते - આપના (તીર્થંકર પ્રભુના), यशसः - યશને, प्रवादी - વિસ્તારથી કહે(નાર) છે.

● **સમશ્લોકી અનુવાદ :** (મંદાક્રાંતા)

**પૂર્યા ભાગો સકળ દિશના ઉચ્ચ ગંભીર શબ્દે,**
**આ આદર્શો ત્રિજગ જનને સૌખ્યસંપત્તિ આપે;**
**કીધા જેણે બહુ જ વિજયો રાજ સદ્ધર્મના ત્યાં,**
**એ દુંદુભિ યશનભમહિં ઘોષણાથી જ ગાજે.(૩૨)**

● **ભાવાર્થ :** ગંભીર, મધુર અને મોટા અવાજે દિશાઓ ગજાવી મૂકી છે, ત્રણે જગતના લોકોને (પ્રભુનો) શુભ સમાગમ આપવામાં કુશળ અને સદ્ધર્મના રાજા (એવા તીર્થંકર ભગવાન)ની જય ઘોષણા પ્રગટ કરતો આકાશમાં થતો (દેવ) દુંદુભિનો નાદ (હે પ્રભુ !) આપના (વિમળ) યશને પ્રગટ કરી રહ્યો છે.

● **વિશેષાર્થ / પરમાર્થ :** ભગવાનના સમવસરણમાં એક સાથે સાડા બાર કરોડ વાજા દેવો વગાડતા હોય ત્યારે એમાં ઘોંઘાટ ન હોય પણ અત્યંત મધુરતા અને કોમળતા હોય. તે વાજાના સુમધુર ઘમકાર ઉપરાંત પ્રભુને દેવદુંદુભિનો અતિશય - પ્રાતિહાર્ય હોય છે. તીર્થંકર પ્રભુના અતિશયરૂપ ૮ પ્રાતિહાર્યમાં દેવદુંદુભિ એ પાંચમો પ્રાતિહાર્ય છે.

શ્રી તીર્થંકર પ્રભુને દેશના પ્રકાશવાનો ઉદય જ્યારે નજીક આવે છે ત્યારે તેનું જ્ઞાન સમ્યક્દૃષ્ટિ દેવોને અવધિજ્ઞાન દ્વારા થાય છે. તેથી આનંદમાં આવી ઉલ્લાસપૂર્વક તેની તૈયારીઓ આદરે છે, જેમાં સમવસરણની રચના એ મુખ્ય છે. એ સાથે, તેઓ જગતના જીવોને આ શુભ સમાચાર આપવા પોતાના દિવ્યદુંદુભિ વગાડે છે. આ દુંદુભિ કેવા છે ? બધી દિશાના દરેક વિભાગને પોતાના ઉચ્ચ (મોટા) અને ગંભીર અવાજથી ભરી દેનારા છે. એના જ નાદથી વાતાવરણ ભરાઈ જાય છે. લોકો આશ્ચર્યથી સાંભળવા લાગે છે. એ નાદથી ત્રણે જગતમાં લોકોને વધાઈ મળે છે કે જેમણે સદ્ધર્મના ક્ષેત્રમાં મહત્ત્વના વિજયો પ્રાપ્ત કર્યા છે. (જિ - જયતિ, જિન - જેઓ રાગ, દ્વેષ, ક્રોધાદિ આંતરશત્રુઓ પર જય-વિજય પામ્યા છે) એવા પ્રભુજીનો સત્ સમાગમ અલ્પકાળમાં થવાનો છે.

દેવોના એ દિવ્યવાજા અત્યંત ગંભીર, મધુર અને સ્પષ્ટ અવાજે દશે દિશામાં જાણે ઘોષણા કરે છે

કે હે ત્રણ લોકના જીવો ! ધર્મરાજા સર્વજ્ઞ પરમાત્મા અહીં બિરાજે છે, તેમના દર્શન કરવા આવો. તેમનો સત્સંગ (સમાગમ) કરવા આવો. બીજા લાખ કામ છોડીને પણ આત્માનો અચિંત્ય વૈભવ જોવા-પ્રગટાવવા આ પ્રભુ પાસે આવો. હે પ્રભુ ! એ દુંદુભિના નાદ સદ્ધર્મનો તેમ જ ધર્મસામ્રાજ્યના નાયક (તીર્થંકર) એવા આપનો જયજયકાર કરીને ભવ્ય જીવોને જાણે સાદ પાડી રહ્યા છે કે હે જીવો ! ધર્મ પામવા માટે અહીં આવો ને મોક્ષના સારથિ એવા આ ભગવાનને સેવો. ધર્મની પ્રાપ્તિનો ઉત્તમ અવસર મળ્યો છે માટે પ્રભુના ધર્મદરબારમાં ધર્મનું શ્રવણ કરવા આવો.

એ નાદથી લોકોને ખ્યાલ આવે છે કે સદ્ધર્મના પ્રરૂપક તીર્થંકર પરમાત્માના દર્શનનો અને તેમની દિવ્યવાણીના શ્રવણનો લાભ આપણને પ્રાપ્ત થયો છે. આ દુંદુભિનો જયનાદ પરમાત્માના ત્રિલોકવ્યાપી નિર્મળ યશને પ્રગટ કરે છે. હે નાથ ! આપ મહાન યશસ્વી છો. આપના પુણ્યનો પ્રકર્ષ અને ગુણોનો યશ બધી દિશાઓમાં સર્વત્ર જનમનમાં ગુંજી રહ્યો છે. આ દેવદુંદુભિને પ્રભુનો સમાગમ કરાવી આપવામાં કુશળ મિત્ર સમાન કહેલ છે.

સમવસરણ એ તો તીર્થંકર પ્રભુનો ધર્મ-દરબાર છે. ત્યાં આવનાર જીવો મહાભાગ્યવંત છે. પ્રભુની વાણી તેમને આત્માનો પરમવૈભવ સંભળાવીને મોક્ષનો માર્ગ દેખાડે છે. એવા સમવસરણમાં બિરાજતા તીર્થંકરની સ્તુતિ દેવદુંદુભિના વર્ણન દ્વારા કરી. જે દેવો ઘણી રિદ્ધિસિદ્ધિવાળા હોય છે, તેઓ પ્રભુની વિવિધ પ્રકારે સેવા-ભક્તિ કરવાની સાથે પરમાર્થે અન્ય જીવોનું પણ કલ્યાણ કરે છે તે અત્રે બતાવીને પ્રભુનો મહિમા દર્શાવ્યો છે.

માનતુંગાચાર્ય એક બાજુ દેવદુંદુભિ-સમવસરણનો પ્રસંગ નિરખતા હોય અને બીજી બાજુ એનું વર્ણન તેમની અદ્ભુત અલંકારિક પદ્યશૈલીમાં કરતા હોય. એમ બંને ક્રિયા દ્વારા તેમની પ્રભુ પ્રત્યેની અનન્ય ભક્તિલીનતા અને વર્તમાન બેડી-બંધન અવસ્થા પ્રતિનું તેમનું ઉપેક્ષાભર્યું વલણ પ્રતીતિમાં આવે છે. તેમણે દેવદુંદુભિનો નાદ તેમના માનસચિત્રમાં સાંભળવામાં મગ્ન બનીને જ આ (ભક્તામર સ્તોત્ર) રચના કરી હોય એમ લાગે છે. પરમભક્ત નરસિંહ મહેતા શ્રીકૃષ્ણલીલા જોવામાં એટલા મગ્ન થઈ ગયા હતા કે મશાલથી બળતા હાથની પણ ખબર (ઉપયોગ) ન રહી તે આવી જ ઉત્કૃષ્ટ ભક્તિનું ઉદાહરણ છે.

સુરદુંદુભિ એક અલૌકિક દેવકૃત નિનાદશીલ વાજિંત્ર છે. તેનો અર્થ મહાઉદ્ઘોષ કરનાર અને પોતાના પ્રબળ ધ્વનિથી ગગનને ગજાવતું મહાસ્વર ઉત્પન્ન કરનારું સાધન એવો થાય છે. જૈન પરંપરામાં સમવસરણમાં મહાધ્વનિ ઉત્પન્ન કરતા દુંદુભિ પ્રભુમહિમાનું મંડન અને પ્રદર્શન કરનારના રૂપમાં છે. દેવરચિત હોવાથી તેને સુરદુંદુભિ કહે છે.

આચાર્યશ્રીને સુરદુંદુભિના ઘંટારવમાં તેનું વિવરણ સંભળાય છે. કોઈ માણસ કાળા રંગના ગર્જના કરતા વાદળા (પ્રાકૃતિક પરિવર્તન)ને જોઈને ભારે વરસાદની કલ્પના (જ્ઞાનાત્મક અનુમાન) કરે છે, તેમાં પ્રાકૃતિક પરિવર્તન એ પૌદ્ગલિક પર્યાય છે અને જ્ઞાનાત્મક અનુમાન ચૈતન્ય પર્યાય છે. આદિકાળથી ભૌતિક પરિવર્તનોથી વ્યાખ્યા કરવાની અથવા તેના અર્થોને ઘટિત કરવાની પરંપરા ચાલી આવી છે. કાવ્યશાસ્ત્રોમાં આ વિશેષ પ્રચલિત છે. આ છાયાવાદ એ સાહિત્યનો પ્રાણ છે. કવિ છાયાવાદનું અવલંબન લઈને પ્રાકૃતિક દશ્યોને સજીવ વ્યક્તિનું રૂપ આપે છે. અત્રે સુરદુંદુભિ પોતાના ઢંગથી ઉદ્ઘોષ કરી રહ્યા છે, પરંતુ કવિશ્રીએ તેને નિવેદનકર્તાના રૂપમાં વ્યક્તિત્વ પ્રદાન કરીને ઉપદેશના ઉપદેષ્ટા પ્રદર્શિત કરેલ છે. આ દુંદુભિ પ્રભુની વાણીની પ્રતિછાયા છે. તે ગર્જના કરીને જાણે એમ કહી રહી છે કે હે (ભવ્ય) જીવો ! તમે

આવો અને આ પ્રભુને ભજીને તમારું (આત્મ) કલ્યાણ કરો.

પાંચમા પ્રાતિહાર્યને પ્રકાશિત કરતા આ શ્લોકમાં મહાધ્વનિનું ઔચિત્ય સ્થાપિત કર્યું છે. ધ્વનિ એ સાંસારિક ટકરાવ છે, જ્યારે મહાધ્વનિ તે બ્રહ્મનિનાદ છે, આત્માનો ઉદ્‌ઘોષ છે. જૈન પરંપરામાં દુંદુભિના માધ્યમથી મહાધ્વનિનો આદર કર્યો છે, એટલું જ નહીં પરંતુ દેવાધિદેવ તીર્થંકર પ્રભુના મહિમામંડનમાં તેને ઉચિત સ્થાન આપીને પ્રભુનો અલંકાર પ્રગટ કર્યો છે. મહાકવિ માનતુંગાચાર્યે દુંદુભિની સુરાવલિઓને વાચા આપીને તેની જ્ઞાનાત્મક શાબ્દિક વ્યાખ્યા કરી છે. આ ભૌતિક વાજિંત્રને આધ્યાત્મિક ઉપકરણમાં પ્રસ્થાપિત કરીને સજીવ આરોપ અલંકારનો પ્રયોગ કર્યો છે. અચેતનનું ચૈતન્યરૂપ પ્રદર્શિત કરવું એ અલંકારની કાવ્યકળા છે. આ સંદર્ભમાં મહાન આચાર્ય સિદ્ધસેન દિવાકરસૂરિ ભગવાન પાર્શ્વનાથની સ્તુતિરૂપ તેમના 'કલ્યાણ મંદિર' સ્તોત્રમાં (શ્લોક - ૨૫) કહે છે કે, "હે દેવાધિદેવ ! હું એમ માનું છું કે આકાશમાં ગર્જના કરતા દેવદુંદુભિ ત્રણે લોકના પ્રાણીઓને એમ નિવેદન કરે છે કે હે પ્રાણીઓ (ભવ્ય જીવો) ! પ્રમાદનો પરિત્યાગ કરી મોક્ષપુરી જનાર આ સાર્થવાહ (તીર્થંકર પાર્શ્વ પ્રભુ)ના શરણે આવી એમની સેવા કરો."

આ પ્રમાણે દુંદુભિનો આશય/હેતુ નીચે મુજબ કહી શકાય :

(૧) લોકોને સમવસરણનું સ્થળ જણાવવું, (૨) સમય જણાવવો, (૩) દર્શન-શ્રવણ માટે આમંત્રણ આપવું, (૪) લોકોને જાગૃત કરવા, (૫) ઉલ્લાસસભર વાતાવરણ-માહોલ સર્જવો, (૬) લોકોના આત્મકલ્યાણનું નિમિત્ત બનવું, (૭) પ્રભુનો જયજયકાર કરવો, (૮) પ્રભુની સ્તુતિ કરવી, (૯) પ્રભુનો મહિમા સ્થાપવો, (૧૦) ધર્મની પ્રભાવના કરવી.

અંતમાં સર્વ જીવો પ્રમાદ તજીને પ્રભુ-આજ્ઞામાં રહીને ત્વરાએ મોક્ષમાર્ગ પ્રતિ પ્રયાણ કરીને પરંપરાએ શાશ્વત સુખ પામે એ મંગલભાવના સાથે, જિનવાણીથી કાંઈ વિપરીત લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

---

## શ્રી સદ્‌ગુરુપ્રસાદ

**(પાના નં. ૫ પરથી ચાલુ...)**

વિચારી, જીવસ્વરૂપે શુદ્ધ સ્થિતિ કરી છે, તે આત્મા અને બીજા સર્વ પદાર્થો તે શ્રી તીર્થંકરાદિએ સર્વ પ્રકારની ભ્રાંતિરહિતપણે જાણવાને અર્થે અત્યંત દુષ્કર એવો પુરુષાર્થ આરાધ્યો છે. આત્માને એક પણ અણુના આહારપરિણામથી અનન્ય ભિન્ન કરી આ દેહને વિષે સ્પષ્ટ એવો અનાહારી આત્મા, સ્વરૂપથી જીવનાર એવો જોયો છે. તે જોનાર એવા જે તીર્થંકરાદિ જ્ઞાની પોતે પોતે જ શુદ્ધાત્મા છે, તો ત્યાં ભિન્નપણે જોવાનું કહેવું જોકે ઘટતું નથી, તથાપિ વાણીધર્મે એમ કહ્યું છે. એવો જે અનંત પ્રકારે વિચારીને પણ જાણવા યોગ્ય 'ચૈતન્યઘન જીવ' તે બે પ્રકારે તીર્થંકરે કહ્યો છે; કે જે સત્પુરુષથી જાણી, વિચારી, સત્કારીને જીવ પોતે તે સ્વરૂપને વિષે સ્થિતિ કરે. પદાર્થમાત્ર તીર્થંકરાદિ જ્ઞાનીએ 'વક્તવ્ય' અને 'અવક્તવ્ય' એવા બે વ્યવહારધર્મવાળા માન્યા છે. અવક્તવ્યપણે જે છે તે અહીં 'અવક્તવ્ય' જ છે. વક્તવ્યપણે જે જીવધર્મ છે, તે સર્વ પ્રકારે તીર્થંકરાદિ કહેવા સમર્થ છે, અને તે માત્ર જીવના વિશુદ્ધ પરિણામે અથવા સત્પુરુષે કરી જણાય એવો જીવધર્મ છે, અને તે જ ધર્મ તે લક્ષણે કરી અમુક મુખ્ય પ્રકારે કરી તે દોહાને વિષે કહ્યો છે. અત્યંત પરમાર્થના અભ્યાસે તે વ્યાખ્યા અત્યંત સ્ફુટ સમજાય છે, અને તે સમજાયે આત્માપણું પણ અત્યંત પ્રગટે છે, તથાપિ યથાવકાશ અત્ર તેનો અર્થ લખ્યો છે. ■ ■

# આત્માની અગુરુલઘુત્વ શક્તિ (૧૭)

**વલભજી હીરજી 'કેવલ'**

જ્ઞાનસ્વરૂપ આત્મામાં અગુરુલઘુત્વ નામનો કોઈ સૂક્ષ્મ સ્વભાવ છે. આ સ્વભાવના સામર્થ્યને લીધે આત્મા છ પ્રકારની વૃદ્ધિ-હાનિરૂપ પરિણમે છે. ત્યાં પોતાના નિજસ્વરૂપમાં પ્રતિષ્ઠિત રહે છે. પોતાની સ્વરૂપની મર્યાદા છોડીને ગુરુ કે લઘુ થઈ જતો નથી, એવો અગુરુલઘુત્વ સ્વભાવ આત્મા છે. એક સમયની પર્યાયમાં ષટ્ગુણ વૃદ્ધિહાનિ થાય છે તે આ પ્રમાણે છે :

(૧) અનંતગુણવૃદ્ધિ, (૨) અસંખ્યગુણવૃદ્ધિ, (૩) સંખ્યાતગુણવૃદ્ધિ, (૪) અનંતભાવવૃદ્ધિ, (૫) અસંખ્યભાવવૃદ્ધિ, (૬) અસંખ્યાતભાવવૃદ્ધિ.

આ પ્રમાણે હાનિના છ બોલ : (૧) અનંત ગુણહાનિ, (૨) અસંખ્ય ગુણહાનિ, (૩) સંખ્યાત ગુણહાનિ, (૪) અનંતભાગહાનિ, (૫) અસંખ્ય ભાગહાનિ, (૬) સંખ્યાતભાગહાનિ.

આ પ્રમાણે એક સમયમાં ષટ્ગુણ વૃદ્ધિ હાનિરૂપે અગુરુલઘુત્વ ગુણનું સૂક્ષ્મ પરિણમન થાય છે અને તે કેવળીગમ્ય છે.

અગુરુલઘુત્વનો એક એવો પણ અર્થ છે કે દ્રવ્ય-ગુણ પોતાના નિજસ્વરૂપે રહે. દ્રવ્યનો કોઈ ગુણ પલટીને અન્ય ગુણરૂપ ન થઈ જાય. આત્મા પલટીને કદી જડ ન થઈ જાય. જડ તે જડ. ત્રણ કાળમાં ચેતન ચેતન હોય ! આત્મામાં જેટલા અનંત ગુણો છે તેટલા જ સદાકાળ રહે છે, તેમાંથી એક પણ ગુણ કદી ઘટતો કે વધતો નથી. પર્યાયમાં હીનતા -અધિકતા થવા છતાં ત્રિકાળી દ્રવ્ય-ગુણ ઘટતા-વધતા નથી, એ તો સ્વરૂપમાં એવા ને એવા સ્થિર રહે છે. આત્માની શક્તિમાંથી સાદિ-અનંતકાળ સુધી કેવળજ્ઞાન પરિણમ્યા જ કરે છતાં સ્વભાવની શક્તિ જરાય ઘટતી નથી. એવા ને એવા પરિપૂર્ણ સ્વભાવમાં આત્મા અવસ્થિત રહે છે. આત્માનો સ્વભાવ ગુરુ કે લઘુ થઈ જાય એવો એનો સ્વભાવ નથી. જે સ્વભાવ છે તે કદી વધે નહિ. કદી ઘટે નહિ. છ પ્રકારની વૃદ્ધિ-હાનિ છે તેવી વૃદ્ધિ-હાનિરૂપે પરિણમન થવા છતાં આત્મા પોતાના સ્વરૂપને છોડતો નથી ને તેનો સ્વભાવ વધ-ઘટરૂપ થઈ જતો નથી. આવો 'અગુરુલઘુસ્વભાવ' કોઈ અચિંત્ય સૂક્ષ્મ સર્વજ્ઞગમ્ય છે. બધા આત્માના ગુણો નિજસ્વરૂપમાં રહેલા શોભે છે.

ગુણ-પર્યાયો અનંત છે. તે પ્રત્યેક ગુણ-પર્યાય આખા દ્રવ્યને નિજસ્વરૂપમાં ટકવાનું કારણ છે. એક પણ ગુણ-પર્યાયનો નાશ થતાં દ્રવ્યનું નિજસ્વરૂપ જ ન રહે. આમ, અનંત-ગુણ-પર્યાયરૂપ પોતાના નિજસ્વરૂપમાં આત્માને સદાય પ્રતિષ્ઠિત રાખે એવી એની અગુરુલઘુત્વ શક્તિ છે. આવા આત્મસ્વભાવને લક્ષગત કરતા, જે સ્વાનુભવગમ્ય કરતા વીતરાગતા થાય છે; તે વીતરાગપણું તે સર્વ શાસ્ત્રોનો સાર છે, પોતાની ત્રિકાળી શક્તિની શોભાનો મહિમા કરીને તેમાં અંતર્મુખ થવું તે જ સમ્યગ્દર્શનનો ને સિદ્ધપદનો ઉપાય છે. કેવળજ્ઞાન થાય તેમાં પણ ષટ્ગુણ વૃદ્ધિ-હાનિરૂપ અગુરુલઘુગુણનું સૂક્ષ્મ પરિણમન તો સમયે સમયે થયા જ કરે છે. એવો કોઈ અચિંત્ય સ્વભાવ છે તે કેવળીગમ્ય છે.

સ્વરૂપમાં પ્રતિષ્ઠિત રહેવારૂપ આત્માનો સ્વભાવ અલૌકિક છે. સ્વરૂપ ઘટે નહિ, વધે નહિ, સ્વરૂપનો કોઈ અંશ કદી છૂટે નહિ, અન્યરૂપ થાય નહિ, ને નવું કાંઈ તેમાં આવે નહિ. આવો અગુરુ-લઘુ સ્વભાવી આત્મા છે. તેને ઓળખી દષ્ટિગત કરતાં પર્યાયમાં નિર્મળતા પ્રગટે છે અને આ ધર્મ છે.

• • •

**(ક્રમશઃ)**

# ભયથી નિર્ભયતાની યાત્રા

ગુણવંત બરવાળિયા

આપણા જીવનઆકાશમાં ભયના વાદળ શાથી ઘેરાય છે ? ભયની ભ્રાન્તિ કેવી રીતે પેદા થાય છે ? જીવનપ્રવાહમાં એક પછી એક ભયની શૃંખલાથી આપણે કેમ અશાંત છીએ ? આપણે સતત ભયની ભટ્ઠીમાં શાથી શેકાઈ રહ્યાં છીએ ? શાંત ચિત્તે ચિંતન કરવા જેવો પ્રશ્ન છે.

આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ - આ ચાર સંજ્ઞાઓ, કર્મોથી લેપાયેલ આપણા આત્મા સાથે જન્મ જન્માંતરથી જોડાયેલી છે. જ્ઞાનીઓએ ભયના મૂળ કારણો અને તેના નિરાકરણના ઉપાયો પણ બતાવ્યા છે, જેથી જીવનગગનમાં નિર્ભયતાનો સૂર્ય ઝળહળી ઉઠે.

જૈન દર્શનમાં ભયના મુખ્ય સાત પ્રકાર બતાવવામાં આવ્યા છે; જેમાં આલોકનો ભય, પરલોકનો ભય, ધન, અકસ્માત, આજીવિકા, મૃત્યુ અને અપયશના ભયનો સમાવેશ થાય છે.

ઈન્કમટેક્ષ, એક્સાઈઝ, સેલ્સટેક્ષ, કસ્ટમ કે પોલીસ જેવા સરકારી ખાતાઓનો ભય અને છેતરપિંડી, ચોર, લૂંટારા, નક્સલવાદી અને ગુંડાગેંગનો ભય વર્તમાન સમયમાં વધી ગયો છે.

ભયનો મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ વિશ્લેષણ અને અભ્યાસ માનવજીવન માટે ઘણો જ ઉપયોગી છે. પૂર્વજન્મ સંસ્કાર પ્રેરિત ભય કેટલીકવાર આ જીવનમાં સતત ડોકિયા કરે છે. જેમ કે કોઈકને પાણીનો વધુ ડર લાગે, તો કોઈકને આગનો વધુ ડર લાગે છે.

ભૂત-પ્રેત યોનિ અને વ્યંતરોના આભાસ અને કલ્પનાથી પણ ભયભીત થવાય છે.

ઉંમરના સંદર્ભે માનવને અલગ અલગ પ્રકારના ભય હેરાન-પરેશાન કરે છે.

નવજાત બાળકને અજાણ્યા સ્થળ, અજાણ્યા અવાજ અને અજાણી વ્યક્તિનો ભય લાગે છે. ત્રણથી છ વર્ષના શિશુને એકાંત અને અંધારાનો ડર લાગે. આ ઉંમરનું શિશુ ઘરના વાત્સલ્યથી સભર હુંફાળા વાતાવરણથી થોડું અળગું થઈ નવા સામાજિક વર્તુળ તરફ પગરવ માંડે ત્યારે શિક્ષક, મિત્રો વગેરે સાથે તેના આત્મીય સંબંધો કઈ રીતે બંધાશે તે ઘરના જે મુક્ત વાતાવરણમાં વિકસેલી તેની રીતભાત કે કાલીઘેલી બોલી બહાર સ્વીકારશે કે કેમ તેના પ્રત્યાઘાતોનો પ્રચ્છન્ન ભય શૈશવકાળમાં હોય છે. ૭ થી ૧૨ વર્ષમાં શિક્ષકનો, પનિશમેન્ટનો, કોઈપણ ક્ષેત્રની સ્પર્ધા અને ખોટું બોલવાનો ભય વધુ લાગે છે. તેરથી ઓગણીશ વર્ષ સુધીનો ટીનએજનનો સમયગાળો નિજી પ્રતિભા અંગેના સંઘર્ષનો હોય છે. જે મિત્રોની સોબત હોય, જે પ્રવૃત્તિ કરતો હોય, જે ટેવો હોય તે સારી છે કે ખરાબ, તેનો શોખ અને વર્તણૂંક સમાજ અને તેનો વર્તુળ સ્વીકારશે કે કેમ, કુટુંબ, સમાજ અને ધર્મની પરંપરાઓ પ્રતિ તેને ગુંચવાડો થાય અને તે મુશ્કેલ સ્થિતિમાંથી પસાર થાય ત્યારે પણ ભયની અનુભૂતિ થાય છે.

વીસથી સત્તાવીશનો સમયગાળો કે જેમાં કારકિર્દી, ઉચ્ચ અભ્યાસ, નોકરી, વ્યવસાય કે ધંધામાં સ્થિર થવું છે, તેમાં સફળતા મળશે કે કેમ તેનો ભય સતાવે છે. મહત્ત્વાકાંક્ષાઓના આ તબક્કામાં પ્રિયપાત્રની પ્રાપ્તિની, તીવ્રતમ જીવનસાથી, મનગમતું ઘર મળશે કે કેમ ? યુવાને સેવેલાં સ્વપ્નાં સાકાર થશે કે કેમ તેનો ભય સતાવે છે. ત્યારપછીનો ચાલીશની વય સુધી ધંધા, નોકરી કે કુટુંબજીવનના ભયો સતાવે. ત્યાર પછીની સાઈઠ

સુધીની વયમાં સામાજિક પ્રતિષ્ઠાને લગતાં ભયનો ઉમેરો થાય. સાઈઠ પછીની વયમાં પોતાની ઉપેક્ષા થવાનો, બીમારીનો, સંતાનોના અલગ થવાનો, જીવનસાથી ગુમાવી દેવાનો અને નિવૃત્તિ પછી શું અને મૃત્યુના ભયનો ઉમેરો થાય છે.

સત્ત્વશીલ જીવનશૈલી કોઈને પણ નિર્ભય બનાવે. તેથી જ મહાત્મા ગાંધીજી, વિનોબા ભાવે અને રવિશંકર મહારાજનું જીવન નિર્ભયતાનો પર્યાય બની ગયું હતું.

બાળકોને કદી બાવો, રાક્ષસ કે ભૂત જેવા કાલ્પનિક પાત્રોથી ડરાવાય નહિ. માતા-પિતા દ્વારા ધર્મના સંસ્કાર અને સત્યનું આચરણ બાળકોમાં નિર્ભયતાના ગુણો ખીલવે છે. યુવાનોમાં આત્મવિશ્વાસનું આરોપણ કરવાથી તે નિર્ભય બને છે.

ધંધામાં મોટું ખોટું અને સતત ખોટું ન કરવું પડે તેવી ગોઠવણ કરવી જરૂરી છે. ધંધો, ઉદ્યોગ કે વ્યવસાય પ્રામાણિકતાથી અને નીતિથી કરનારને ભય રહેતો નથી. વહેવાર અને કુટુંબ જીવનમાં માયા-કપટ રહિત સત્ય અને સરળ આચરણથી કેટલાક ભયને નિવારી શકાશે.

આપણે સામાજિક, ધાર્મિક કે રાજકીય સંસ્થાઓના હોદ્દા પર હોઈએ અને કોઈ પ્રસંગે કોઈ મુદ્દો ઉપસ્થિત થાય તો તેને પ્રતિષ્ઠાનો પ્રશ્ન ન બનાવીએ તો જાહેર જીવનનો ભય ટળી જાય.

જીવનપ્રવાહમાં પ્રીતનો ભય અને ભયની પ્રીત હોય છે. મારા પ્રિય પાત્રને જે ગમે છે તેને ગમતું હું નહિ કરું તો તેને દુઃખ થશે એ પ્રીતિનો ભય અને જીવનમાં કેટલાંક કાર્યને, કેટલીક વસ્તુને અને કેટલીક વ્યક્તિને અન્ય વ્યક્તિના ભયને કારણે પ્રીત કરવી તે ભયની પ્રીત છે. આત્મીયતા હોય ત્યાં નિર્ભયતા હોય.

શંકાશીલ વ્યક્તિઓ પોતાના જીવનમાં નિરર્થક ભયનું વર્તુળ પેદા કરે છે. ઓછો પરિગ્રહ જીવનને નિર્ભયતા તરફ લઈ જાય. ભયમાં મગજના તીવ્ર આંદોલનો હોય છે. ચિત્તવિકારમાં સર્વથી હાનિકારક ભય છે. ભયને કારણે ચિત્તની ચંચળવૃત્તિ, યોગની એકત્વતાનો મોટો વિરોધ કરનાર માનસિક દશા છે. માટે ભયભીત એકાગ્ર ન બની શકે, ભયભીત ચિત્તનો સંબંધ સત્ય સાથે સંભવી શકે નહિ.

ધ્યાન અને કાયોત્સર્ગ અભયની સ્થિતિ સુધી લઈ જવા ખૂબ ઉપયોગી છે. જ્ઞાનસુખ ભયરહિત છે. સમજણ અને જ્ઞાનની અમૃતવર્ષાથી આત્મભૂમિ પર ભયવેદનાની આગ બુઝાઈ જાય છે અને નિજાનંદની મસ્તીની અનુભૂતિ થાય છે.


નૈતિક કે સામાજિક રીતે અસ્વીકાર્ય છૂપી પ્રવૃત્તિ કરનારને તેનો આત્મા તો તેને ડંખે તેથી ભય સતાવે છે. આપણે નિર્ભય થવું હોય તો કોઈને પણ ભય પમાડે તેવું કાંઈ પણ કૃત્ય ન કરવું જોઈએ. માનવી તો શું ક્ષુદ્ર જંતુ પણ ભયભીત ન થાય તેવું વર્તન આપણા જીવનને નિર્ભયતા ભણી લઈ જશે. જૈનધર્મમાં અભયદાનને શ્રેષ્ઠદાન કહ્યું છે.

આ ઉપરથી આપણને જણાશે કે જ્ઞાની ભગવંતોએ બતાવેલ પાંચ અણુવ્રત - અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહના આચરણમાં ભયની સમસ્યાનો ઉકેલ છે. પવિત્ર શ્લોક, સ્તોત્ર, મંત્રનુ રટણ, પરમ તત્ત્વમાં શ્રદ્ધા અને સદ્‌ગુરુનું શરણ આપણને નિર્ભયતાના ઉત્તુંગ શિખર પર લઈ જશે.

• • •

**"કોણ કરશે કામ મારું, પૂછે સ્વયં રવિ,**
**સાંભળી જગત છે સ્તબ્ધ ! નિરુત્તર છવિ;**
**માટીનું કોડિયું ત્યારે બોલ્યું, શીશ નામી,**
**મારી જેટલી શક્તિ, તે પ્રમાણે હું કરીશ સ્વામી."**

**- રવીન્દ્રનાથ ટાગોર**



# બાળ વિભાગ



**સંકલન : મિતેશભાઈ એ. શાહ**

## અનાથ બાળકોના હમદર્દી

પોતાના દર્દભર્યા કંઠથી લોકોનો અપૂર્વ ચાહ મેળવનાર સ્વ. કુંદનલાલ સાયગલના જીવનનો એક પ્રસંગ છે.

એકવાર એમની એક ફિલ્મ મુંબઈમાં તૈયાર થઈ રહી હતી અને તેથી એમણે થોડો સમય મુંબઈ રહેવું પડ્યું હતું.

આ અરસામાં તેઓ એક દિવસ ટહેલતા ટહેલતા ચોપાટી પર જઈ પહોંચ્યા.

ત્યાં બે બાળકો હાર્મોનિયમ પર ગીત ગાઈ રહ્યાં હતાં. ગાતાં ગાતાં, બાળકો ત્યાં ટોળે વળેલા લોકોને કહેતાં હતાં, ‘‘અમારા માતા-પિતા મરણ પામ્યા છે. અમે અનાથ છીએ. અમને પાઈ પૈસો આપશો તો ભગવાન તમારું ભલું કરશે.’’

આ બાળકોની નિરાધાર દશા જોઈ સાયગલના મનમાં દુઃખ થઈ આવ્યું.

અને એક જ ક્ષણમાં કશોક સંકલ્પ કરી તેઓ ભીડને ચીરીને પેલાં બાળકો પાસે પહોંચ્યા અને તેમનું હાર્મોનિયમ પોતાના હાથમાં લઈને ગીત ગાવા માંડ્યું.

જે ગીતે પ્રેક્ષકોએ ઘેલાં બનાવ્યાં હતાં એ ગીત આ લોકોના કાને પડતાં જ તેઓ હર્ષથી જાણે નાચી ઊઠ્યા !

અને સાયગલનું સંગીત સાંભળવાનો આવો મોકો મળ્યો છે એવા ખ્યાલથી ત્યાં ઊભેલા માણસોએ સાયગલ તરફ પૈસાનો વરસાદ વરસાવ્યો.

પછી તો સાયગલે પોતાના બીજાં પણ ખૂબ લોકપ્રિય બનેલાં ગીતો ગાયાં.

જ્યારે ગીતો પૂરાં થયાં ત્યારે એમણે જોયું તો ત્યાં પાર વિનાનું પરચૂરણ પેલાં બાળકોએ પાથરેલા પાથરણા પર પડ્યું હતું !

સાયગલે હાર્મોનિયમ પેલાં બાળકોના હાથમાં સોંપ્યું, બધું પરચૂરણ એકઠું કર્યું અને બાળકોને એ બધું પરચૂરણ આપતાં કહ્યું, ‘‘લ્યો, ઈશ્વર તમારું કલ્યાણ કરે ! મા-બાપ ગુમાવેલાં બાળકોની કેવી અસહાય દશા હોય છે તે હું જાણું છું.’’

એટલું બોલીને સાયગલે ત્યાંથી વિદાય લીધી.

## તૃષ્ણા

મહાત્મા ઇબ્રાહિમ પોતાની કુટિરમાં બેસીને કોઈ શાસ્ત્રનું પરિશીલન કરી રહ્યા હતા.

એવામાં એક માણસ તેમની સામે આવીને ઊભો રહ્યો અને તેણે મહાત્મા ઇબ્રાહિમને પ્રણામ કર્યા.

ઇબ્રાહિમે તેને આદરપૂર્વક પોતાની સામે બેસાડ્યો અને પૂછ્યું, ‘‘ભાઈ, અત્યારે મારી પાસે આવવાનું કારણ ?’’

પેલો બોલ્યો : ‘‘આપને હું કશીક ભેટ આપવા આવ્યો છું. આપ એ ભેટનો સ્વીકાર કરીને મને કૃતાર્થ કરો.’’

આમ બોલીને તેણે એક કોથળી ઇબ્રાહિમ સામે મૂકી.

સંત ઇબ્રાહિમ તે કોથળીને અડક્યા નહિ. એમણે પૂછ્યું, ‘‘ભાઈ, આ કોથળીમાં શું છે ?’’

પેલો બોલ્યો, ‘‘અરે, એમાં પૂરી એક હજાર સોનામહોરો છે ! આપ એનો સ્વીકાર કરો.’’

સંત ઇબ્રાહિમ જરા વિચારમાં પડ્યા.

થોડીવારે તેમણે કહ્યું, ''ભાઈ, તમે પ્રેમથી આ સોનામહોરો મને આપતા હશો, પણ મારાથી તમારી સોનામહોરોનો સ્વીકાર થઈ શકે નહિ.''

પેલાએ આશ્ચર્ય પામી પૂછ્યું, ''કેમ, મારી આ સોનામહોરોનો આપ અસ્વીકાર કેમ કરો છો ? કાંઈ કારણ ?''

સંત ઈબ્રાહિમ બોલ્યા, ''કારણ એ કે દરિદ્ર માણસ પાસેથી હું દાન લેતો નથી. મારો નિયમ છે કે ગરીબ પાસેથી દાન-ભેટ કદી લેવાં નહિ.''

''અરે, હું ગરીબ નથી. હું તો એક મોટો ધનાઢ્ય છું.''

''તમે ધનાઢ્ય હશો તેની ના નહીં ! પણ, તમને શું એવી ઈચ્છા નથી કે તમારી દોલતમાં હજી વધારો થાય તો ઠીક ?''

''હા, એવી ઈચ્છા તો જરૂર મને થાય છે !''

''એટલે જ તમે મોટા ગરીબ છો ! જેની તૃષ્ણા મરી નથી એ સદાયનો ગરીબ, બલકે, ભિખારી જ કહેવાય !''

## મને જ તમારો પુત્ર ગણો !

મહારાજા છત્રસાલ પ્રજાવત્સલ હતા. પ્રજાનું સુખ-દુઃખ જાણવા તેઓ જાતે લોકોમાં જતા અને એમનાં સુખ-દુઃખ વિશે પૃચ્છા કરતા.

તેઓ માનતા કે, 'જે રાજાના રાજ્યમાં લોકો દુઃખી રહે છે તે રાજા અવશ્ય નરકગામી બને છે.'

પ્રજાની સુખાકારી કેમ વધે એ જ એક ચિંતા તેમણે પોતાના જીવનમાં સેવી હતી.

પ્રજાનું સુખ એ તેમનું સુખ હતું અને પ્રજાનું દુઃખ એ તેમનું દુઃખ હતું !

ભરાવદાર શરીર, ભવ્ય કપાળ, વિશાળ લોચન અને રૂપાળો દેવ જેવો ચહેરો ધરાવતા આ મહારાજા છત્રસાલ પર કોઈ એક સ્ત્રી મોહિત થઈ ગઈ હતી.

એ સ્ત્રી એકવાર છત્રસાલ પાસે આવી.

તે સમયે છત્રસાલ પાસે બીજું કોઈ હતું નહિ. તેઓ એકલા જ પોતાના ખંડમાં બેઠા હતા.

આ એકાંતનો લાભ લઈ એ બાઈએ છત્રસાલને કહ્યું, ''મહારાજ, હું એક ખૂબ દુઃખિયારી બાઈ છું.''

છત્રસાલે તરત જ કહ્યું, ''હું પ્રજાના દુઃખ દૂર કરવા જ શાસન ચલાવું છું. બોલો, તમારું દુઃખ કેવા પ્રકારનું છે ? હું જરૂર તમારું દુઃખ દૂર કરવા મારથી શક્ય તમામ પ્રયાસો કરીશ. બોલો, તમને શું દુઃખ છે ?''

બાઈએ આજુબાજુ નજર ફેરવીને પાકી ખાતરી કરી લીધી કે અહીં તે બેના સિવાય ત્રીજું કોઈ જ નથી.

બાદ તે બોલી, ''મહારાજ, મારે કોઈ સંતાન નથી. મારે તમારા જેવો તેજસ્વી પુત્ર જોઈએ છે ! બોલો, તમે મદદ કરશો ?''

આ શબ્દો સાંભળતાં જ છત્રસાલ સ્તબ્ધ બની ગયાં ! આ સ્ત્રી આવી અધમ માગણી કરશે એવો તો તેમને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો.

થોડીક્ષણો બાદ, સ્વસ્થ થઈને તેમણે એ બાઈને કહેવા માંડ્યું, ''મા, તમારે મારા જેવો તેજસ્વી પુત્ર જોઈએ છે ને ? તો લો, આજથી હું જ તમારો પુત્ર છું. આ છત્રસાલને તમે આજથી તમારો પુત્ર માનો.''

એટલું કહીને, કોઈ પુત્ર પોતાની જનેતાના ચરણોમાં માથું ઝુકાવે એમ છત્રસાલે એ બાઈના ચરણોમાં માથુ ઝુકાવ્યું અને કહ્યું, ''મા, તમારા આ પુત્રને આશીર્વાદ આપો !''

પેલી બાઈની શરમનો કોઈ પાર રહ્યો નહિ અને પોતાની અણછાજતી માગણી માટે તેને ખૂબ પશ્ચાત્તાપ થઈ આવ્યો. ■ ■ ■

# વવાણિયા આદિ પરમકૃપાળુદેવના તીર્થોની ધર્મયાત્રા

મહેન્દ્રભાઈ કે. ખંધાર

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીની ૧૫૦મી જન્મજયંતિ વર્ષની ઉજવણી અંતર્ગત કોબાથી વવાણિયા-મોરબી-રાજકોટ-સાયલા તીર્થસ્થળોની ધર્મયાત્રા જાન્યુ.૨૦-૨૨, ૨૦૧૭માં યોજાઈ હતી. તેમાં કોબા, અમદાવાદ, નડિયાદ, મુંબઈ, બેંગ્લોર અને વિદેશથી ૨૯ મુમુક્ષુઓ (૨૭ થી ૮૮ વર્ષના) જોડાયેલ.

**જાન્યુ. ૨૦ (શુક્રવારે)** વહેલી સવારે નીકળીને (NH-17 અને SH-7) ૮:૩૦ વાગ્યે, ધ્રાંગધ્રાથી ૧૪ કિ.મી. દૂર આવેલ ચુલી ગામમાં, ૭ વર્ષ પહેલા નવા પ્રતિષ્ઠિત થયેલ 'તારંગા વિહારધામ' તીર્થ પહોંચ્યા (૧૫૦ કિ.મી.). ખૂબ સુંદર અને ભવ્ય સંકુલ છે, જેમાં દેરાસર - ઉપાશ્રય - યાત્રિક ભવન - ભોજનશાળા છે. દેરાસરજીમાં ચતુર્મુખી વેદી પર મૂળનાયક અજિતનાથ ઉપરાંત આદિનાથ મુનિસુવ્રતનાથ અને મહાવીર સ્વામી છે. ચારે બાજુએ દીવાલોમાં ભગવંતોના જીવનચરિત્રો રંગીન અને રમણીય કલા-કોતરણી દ્વારા (3 Dim.) આલેખાયેલ દેલવાડા-તારંગા-રાણકપુરની યાદ અપાવે. ગુરુમંદિર તથા શાસનદેવ-દેવીઓની નાની દેરીઓ મનોહર છે. દેરાસરમાં દર્શન-વંદના-પ્રદક્ષિણા-પૂજા-ચૈત્યવંદન આદિ પછી નવકારશી કરી. આ તીર્થના પ્રેરક પૂ. આચાર્ય તીર્થભદ્રસૂરિ ૭૫ ઠાણા (૩૨ સાધુજી - ૪૩ સાધ્વીજી) સહિત ત્યાં બિરાજમાન હતા. તેમની વંદણા-માંગલિક પછી સંક્ષિપ્ત બોધવાર્તા થઈ. અહીંના સંઘે સારી આગતા-સ્વાગતા કરી. ટ્રસ્ટી શ્રી હિતેશભાઈ (૯૮૭૯૨ ૫૭૨૩૫)નો સહકાર પ્રશંસનીય હતો. ત્યાંથી નીકળીને વવાણિયા ૧૧:૩૦ વાગે પહોંચ્યા (૧૦૦ કિ.મી.).

વવાણિયા શ્રીમદ્ રાજચંદ્રજીની જન્મભૂમિ છે કે જ્યાં તેમણે તેમની ટૂંકી ૩૩.૫ વર્ષની ઉમરમાં અર્ધાથી વધુ સમય ગાળ્યો હતો. તેમનું ઘડતર, ધર્મમંથન, અવધાન, જ્યોતિષ આદિ લૌકિક અને લોકોત્તર શક્તિઓનો વિકાસ આ પવિત્ર ભૂમિમાં થયો હતો. રહેવા માટે નવી ધર્મશાળાઓની સગવડ સારી છે. મેનેજર શ્રી નવીનભાઈએ (૯૯૭૯૫ ૮૫૪૮૪ તથા ૦૨૮૨૯-૨૬૪૭૨૯) કોબા સંઘની બધી સગવડ સાચવી હતી.

લંચ અને આરામ પછી, બપોરે ૨ થી ૫ વવાણિયાના નીચે જણાવેલ દર્શનીય સ્થળોની મુલાકાત લીધી. ત્યાંના સ્થાયી મુમુક્ષુભાઈ નાનુભાઈએ સાથે આવીને બધું સમજાવેલ.

**(૧) જન્મભુવન :** કૃપાળુદેવના દેહોત્સર્ગ પછી ઘણા સમયે એક નાનું ગુરુમંદિર બનાવેલ. ૨૦૦૧ના ભૂકંપમાં તે પડી જતા આ નવું ત્રણ માળનું વિશાળ ભવન બન્યું કે જેની પ્રતિષ્ઠા ૨૦૦૮માં થયેલ. ગ્રાઉન્ડ ફ્લોરમાં શ્રીમદ્‌નું જીવન-કવન-પ્રસંગોનું મ્યૂઝિયમ, તેમનાં વિવિધ અવસ્થાના ચિત્રપટો, રાજરત્નો (લલ્લુજી મુનિ - પ્રભુશ્રી, સોભાગભાઈ, અંબાલાલભાઈ, જુઠાભાઈ)ના ચિત્રપટો, તેમના કુટુંબનો ત્રણ પેઢીનો સચિત્ર પરિચય આપતો આંબો, તેમની અંગત વપરાશની વસ્તુઓ (ઘોડિયું, પાટ, અંતિમ સમયનો કોચ, ઘરના બારી-બારણા વગેરે) છે. વચલા માળે વિશાળ સ્વાધ્યાયહૉલ, પરમકૃપાળુદેવના સાક્ષાત્ વૈરાગ્યમૂર્તિ સમ ફુલસાઈઝના ચિત્રપટો, ગુરુમંદિર (જેની બરાબર નીચે તેમનો જન્મ થયેલ) તથા શ્વેતાંબર જિનમંદિર કે જ્યાં મૂળનાયક ચંદ્રપ્રભુ ઉપરાંત મહાવીર સ્વામી અને આદિનાથ ભગવાન છે. સૌથી ઉપરના માળે દિગંબર જિનમંદિર છે, જ્યાં પણ મૂળનાયક ચંદ્રપ્રભુ સાથે મહાવીર સ્વામી અને આદિનાથની સુંદર પ્રતિષ્ઠિત પ્રતિમાજી છે. અહીં બધે દર્શન-વંદન કરતા

ભાવવિભોર થઈ જવાય છે. પરમકૃપાળુદેવની પવિત્રતા-પૂજ્યતાના સ્પંદનો વેદાય છે.

**(૨) ઉપાશ્રય :** બાજુમાં જ આવેલ છે કે જ્યાં શ્રીમદ્જીએ ત્રણ પૂ. મહાસતીજીઓને શાસ્ત્રોની ગાથાઓનું અર્થઘટન, મોક્ષમાળાના કેટલાક શિક્ષાપાઠ તથા ધર્મવાર્તા-પ્રશ્નોત્તરી-સમાધાન કરેલ. ત્યાં એક રૂમમાં જૂના મંદિરની પ્રતિમા, પાદચિહ્ન અને લાઈફ સાઈઝનું પરમકૃપાળુદેવનું ખડગાસનમાં ચિત્રપટ છે.

**(૩) જાતિસ્મરણ મંદિર :** પાડોશી અમીચંદભાઈનું સર્પદંશથી મૃત્યુ થતાં તેમના પાર્થિવ દેહને બાળતા-બળતો જોતા, વિચારોના વંટોળ અને આત્મ મનોમંથનથી અજ્ઞાનનો પડદો ખસી જતા ભૂતકાળના અનેક ભવોનું જાતિસ્મરણ જ્ઞાન પ્રગટેલ. ત્યાં ભાવથી ભક્તિ-વંદના કરતા જ્ઞાનનો અહોભાવ આવ્યો.

**(૪) રામબાઈનું મંદિર :** અહીં પ.કૃ.દેવ અવારનવાર જતા (નાની ઉંમરમાં) અને રામબાઈના વાત્સલ્યથી કંઠી બંધાવી હતી (કે જે પછી છુટી જતા નવી ન બંધાવી). શ્રી રામ, શ્રીકૃષ્ણ વગેરેની મૂર્તિઓ છે. ઘણું મોટું મંદિર - સંકુલ છે.

**(૫) સ્કૂલ :** જ્યાં શ્રીમદ્જી ભણેલા તે સ્કૂલ જોઈ. હાલ પણ તે સ્કૂલ ચાલુ જ છે.

**(૬) દુકાન :** તેમની દુકાનની જગ્યા જોઈ. હાલ ત્યાં કાંઈ નથી, રહ્યા માત્ર અતીતના સ્પંદનો-સ્મરણો.

**(૭) કરુણા કુઈ :** છપ્પનિયા (વિક્રમ સંવત ૧૯૫૬નો ગાળો)ના દુકાળમાં જમીન સુકાઈને ભૂગર્ભમાં પાણી ઊંડુ ઉતરી ગયેલ. વળી, આ ખારાપાટમાં પાણી પણ ખરહુડુ નીકળતું. પરમકૃપાળુદેવે નિષ્કામ કરુણાથી બહુજનહિતાય એક જગ્યાએ ખોદાવતાં અલ્પ ઊંડાણે ઘણું પાણી નીકળ્યું અને તે પણ મીઠું ! ત્યાં એક વાવ-પગથિયા-પાળી બનાવેલ છે. આજે પણ લોકો શ્રદ્ધાથી આ પાણી લઈ જાય છે, પોતાની રોગાદિથી તબિયત સારી કરવા અને બાધા-માનતા પૂરી કરવા.

**(૮) તળાવડીઓ :** શ્રીમદ્જીના વખતે વવાણિયા આસપાસ ૧૮ તળાવડીઓ હતી. હાલ ૧૨ છે, કેટલીક પર અગાસ આશ્રમે થોડું કામ કરાવેલ છે.

**(૯) રેલવે સ્ટેશન અને ગામની સડકો-ગલીઓ :** આ બધા સ્થળો કે જ્યાં પરમકૃપાળુદેવ સ્પર્શિત રજકણો હજુ પણ રહેલા હોઈને કોબા સંઘના જાત્રાળુઓએ સ્પર્શના કરીને ધન્યતા અનુભવી.

સાંજના અલ્પાહાર પછી સ્વાધ્યાયહૉલમાં દેવવંદન, આત્મસિદ્ધિપારાયણ, ભક્તિ વગેરે કર્યા. ગુરુમંદિર અને જિનમંદિરમાં આરતી-મંગળદીવાનો લાભ લીધો.

**જાન્યુ. ૨૧ (શનિવારે)** વહેલી સવારે સ્વાધ્યાયહૉલમાં આજ્ઞાભક્તિ, પ્રાતઃકાળનું દેવવંદન, છ પદનો પત્ર વગેરે આરાધના કરી. ચંદ્રપ્રભુ ભગવાનની પૂજા ભાવથી કરીને સહુ ઉલ્લાસિત થયા. પરમકૃપાળુદેવને ચંદ્રપ્રભુ ભગવાન પર કાંઈક વિશેષ ભાવ હતો. અગાસ આશ્રમમાં પણ શ્વેતાંબર-દિગંબર બંને મંદિરોમાં મૂળનાયક ચંદ્રપ્રભુ ભગવાન જ છે. નવકારશી કરીને વવાણિયાથી નીકળીને મોરબી ૧૦ વાગે પહોંચ્યા (૩૫ કિ.મી.). મોરબીમાં ત્રણ દર્શનીય સ્થળે જાત્રા સંઘ ગયો.

**(૧) મોક્ષમાળા સર્જનસ્થળ :** મચ્છુ નદીના કાંઠે, દફતરી શેરીમાં આવેલ શ્રી વિનયચંદ્ર પોપટલાલ દફતરીનું મકાન કે જ્યાં ઉપરના માળે એક રૂમમાં શ્રીમદ્જીએ માત્ર ૩ દિવસમાં ૧૬ વર્ષ - ૫ માસની ઉંમરે અદ્‌ભુત મોક્ષમાળા (૧૦૮ શિક્ષાપાઠ) શાસ્ત્રનું સર્જન કર્યું. તે સ્થળ પાસે જતાં અત્યંત અહોભાવ અનુભવ્યો.

**(૨) સ્મૃતિમંદિર :** નજીકમાં દફતરી શેરીમાં જ અહીં પરમકૃપાળુદેવના ૨૦ વર્ષની વયે ઝબકબેન સાથે વિવાહ થયા હતા. અહીં જ લગ્ન સમયે ફેરા ફરતા તેમણે કહેલ કે અમારો આ છેલ્લો 'ફેરો' (જાશું

સ્વદેશ એક દેહ ધરીને - યાદ આવે) છે. આ સંદર્ભમાં જ તેમણે કેટલાક વર્ષો પછી માતુશ્રી દેવબાને કહેલ કે સંસારી જીવો એક દિવસમાં જેટલી લગ્ન-કુટુંબની મોહાસક્તિ રાખે છે તેનાથી પણ ઓછી પોતાની આખી જિંદગીમાં હતી. અહીં ભક્તિપદો લીધા.

(૩) **'જીવંત' મોજું :** મોરબીના શ્રી મનસુખલાલ કિરતચંદ મહેતા સાથે પરમકૃપાળુદેવને સારો ઘરોબો હતો. મોરબી આવે ત્યારે તેમને ત્યાં ઉતરતા. મનસુખભાઈની ચોથી પેઢીના ઉત્સાહી યુવાન ભાઈએ વડીલો દ્વારા વહેતા આવેલા ઘણા સંસ્મરણો વાગોળ્યા... શ્રીમદ્જી આવે ત્યારે નીચેથી કાંકરી ફેંકે કે જેથી ખબર પડે (ડોરબેલ જેમ !), બારી પાસે બેસીને ધર્મવાર્તા - પ્રશ્નોત્તરી કરતા, મનસુખભાઈની વિનંતીથી તેમનું ત્યારે પહેરેલું પગનું મોજું સ્મૃતિ ચિહ્ન તરીકે આપ્યું વગેરે. પરમકૃપાળુદેવે પહેરેલ તે મોજાની પ્રત્યક્ષ સ્પર્શના કરતા સહુએ આનંદકારી રોમાંચ અનુભવ્યો.

મચ્છુ નદી, ઝુલતો પુલ, મણિમંદિર મહેલ, શંકરબાગ, એન્જીનીયરીંગ કૉલેજ પેલેસ વગેરે સામાન્ય જોઈને રાજકોટ પ્રતિ પ્રયાણ કરીને ત્યાં ૧ વાગ્યે પહોંચ્યા (૬૦ કિ.મી.). રાજકોટમાં કોબાના મુમુક્ષુ શ્રી નરેન્દ્રભાઈ અને જ્યોતિબેન શાહના નવા ઘરે પ્રતિષ્ઠા હતી, તથા જાત્રા-સંઘનો ઉતારો પણ હતો. પૂ. સાહેબજી (આત્માનંદજી) કોબાથી સવારે નીકળીને સીધા રાજકોટ તે જ સમયે પહોંચ્યા હતા. નરેન્દ્રભાઈ અને તેમના કુટુંબીજનોએ પૂ. સાહેબજી અને જાત્રા સંઘનું હૃદયના ઉમળકાથી ભવ્ય સ્વાગત કર્યું.

લંચ અને આરામ પછી બપોરે ૪ થી ૬ દરમિયાન પ્રતિષ્ઠા હતી. બા.બ્ર. ત્યાગી યુવાસાધકો- સુરેશજી, કપીલભાઈ અને જનકબેને પાર્શ્વનાથ ભગવાનની પૂજા સુપેરે ભણાવી. વિધિપૂર્વક પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ તથા પ.કૃ.દેવ અને સદ્ગુરુદેવના ચિત્રપટો તથા શાસ્ત્રજી (વચનામૃત)ની પવિત્ર મંત્રો, ધૂનસહ ભાવપૂર્વક પૂ. સાહેબજી, પૂ. બહેનશ્રી અને નરેન્દ્રભાઈ - જ્યોતિબેનના કુટુંબ દ્વારા પ્રતિષ્ઠા કરી. ખૂબ આનંદ અને ઉત્સાહનું વાતાવરણ હતું.

સાંજના અલ્પાહાર પછી રાત્રે ૮ થી ૧૦ સાયંકાલિક દેવવંદન અને ભક્તિ હતા. ત્રણેય યુવાસાધકો, બા.બ્ર.મુમુક્ષુ નવનીતભાઈ, પૂ. સાહેબજી પૂ. બહેનશ્રી તથા અન્ય મુમુક્ષુઓએ સુંદર ભાવવાહી પદોની રમઝટ બોલાવતા વાતાવરણમાં ભાવોલ્લાસ છવાઈ ગયો. રાત્રે રોકાણ નરેન્દ્રભાઈને ત્યાં હતું, પણ ત્યાગીઓ અને અન્ય કેટલાક મુમુક્ષુઓ કોબાના મુમુક્ષુ શ્રી દિનેશભાઈ - તરલાબેન બાવીસીને ત્યાં ગયા.

**જાન્યુ. ૨૨ (રવિવારે)** સવારે વહેલા પરવારી નિત્યક્રમ, આજ્ઞાભક્તિ, દેવવંદન પછી સકળ જાત્રા સંઘે અને પૂજ્ય સાહેબજીએ દિનેશભાઈને ત્યાં નવકારશી કરી. દિનેશભાઈ - તરલાબેનના આખા કુટુંબે ખૂબ ભાવથી સહુની આગતા-સ્વાગતા કરી. પૂ. સાહેબજી ત્યાંથી ૯ વાગે નીકળીને ૨ વાગે કોબા પહોંચી ગયા. જાત્રા સંઘ રાજકોટના ૩ દર્શનીય સ્થળે ગયો.

**(૧) જ્ઞાનમંદિર :** નીચેના માળે પ.કૃ.દેવ તથા ભગવાનના દર્શન ખૂબ ભાવથી કર્યા. ઉપરના માળે સ્વાધ્યાયહૉલ તથા પરમકૃપાળુદેવના ચિત્રપટો છે. દર વર્ષે શ્રીમદ્જીના દેહવિલયદિને (ચૈત્ર વદ પાંચમે) અહીંનો રાજ પરિવાર ખૂબ ભાવભરેલ ભક્તિ-મીની પદયાત્રા-સ્વાધ્યાયનું આયોજન કરે છે. લગભગ બધા આશ્રમોના રાજપરિવાર, સ્વાધ્યાયકારો અને સેંકડો મુમુક્ષુઓ બહારગામથી આવે છે. આ જ્ઞાનમંદિરની ૧૯૮૯માં પ્રતિષ્ઠા થઈ હતી.

**(૨) સમાધિભવન (નર્મદા મેન્શન) :** પરમકૃપાળુદેવના છેલ્લા દિવસો અને અંતિમ સમયનું આ સ્થળ ખૂબ પવિત્ર અને અત્યંત સ્પંદનોવાળું છે. ત્યાં અદ્ભુત ભાવો આવે છે. અહીં ભક્તિ કરીને, પરમકૃપાળુદેવને મૌનપૂર્વક સ્મરીને, તેમનો અનંત ઉપકાર વેદીને વંદન કર્યા. નીચેના માળે પ્રદર્શનમાં

શ્રીમદ્જીના જીવન-કવન-ચરિત્રના સુંદર ચિત્રો છે. ધરમપુર આશ્રમના અધિષ્ઠાતા પૂજ્યશ્રી રાકેશભાઈની પ્રેરણાથી ૨૦૦૪માં મૂળ મકાનને જાળવીને વ્યવસ્થિત, નવું, મોટું બનાવીને 'સમાધિભવન' નામ આપ્યું છે.

(૩) **સમાધિમંદિર :** (નદીકિનારે, સ્મશાન ગૃહ પાસે, રામનાથ પરા) : પરમકૃપાળુદેવના પાર્થિવ દેહને અહીં અગ્નિસંસ્કાર કરેલ. ઘણા વર્ષો સુધી નદીમાં નાનું સ્મૃતિ મંદિર હતું. જ્યાં અખંડ દીવો જલતો રાખેલ. પછી ૨૦૦૨માં નવું મોટું સમાધિમંદિર નદીના કાંઠે બનાવેલ છે. બે માળનું ભવ્ય છે. નીચેના માળે પરમકૃપાળુદેવનું ભવ્યાતિભવ્ય પવિત્ર સ્પંદનોને ચિત્રાંકન કરતું અત્યંત ભાવવાહી કમ્પ્યુટરાઈઝ્ડ ચિત્રપટ બે માળની ઊંચાઈવાળું જોતાં, દર્શન કરતાં, ત્યાંથી ખસવાનું મન જ ન થાય તેવું છે. ત્યાં ભક્તિ કરી. દર્શન-વંદના-સ્તુતિ-ધ્યાનથી પરમકૃપાળુદેવ સાથે આત્મ-અનુસંધાનની ભાવના ભાવી.

રાજકોટથી નીકળીને સાયલા ૧ વાગે પહોંચ્યા (૮૦ કિ.મી.). ત્યાં શ્રી રાજ-સોભાગ આશ્રમમાં આહાર-વિશ્રામ પછી આશ્રમના અધિષ્ઠાતા પૂ. ભાઈશ્રી (નલિનભાઈ કોઠારી)ના દર્શન-વંદન પછી તેમની સાથેના વાર્તાલાપમાં તેઓશ્રીએ પરમકૃપાળુદેવ અને પૂ. સોભાગભાઈનો ઇતિહાસ, ઋણાનુબંધ, મૌન-ધ્યાન શિબિર, બીજજ્ઞાન અને સુધારસ, સાયલા આશ્રમની પ્રવૃત્તિઓ વિષે જણાવ્યું. તેઓશ્રીએ કોબા આશ્રમ અને પૂ. આત્માનંદજી સાથેના સ્નેહ-સંબંધને પણ યાદ કરેલ.

ત્યાં જિનાલયમાં વાસુપૂજ્ય ભગવાન મૂળનાયક છે અને સાથે પાર્શ્વનાથ તથા સંભવનાથ ભગવાન છે. સ્વાધ્યાયહૉલ ખૂબ સુંદર છે. નીચે ગર્ભગૃહમાં પરમકૃપાળુદેવની ભવ્ય મૂર્તિ છે. નવા મોટા સ્વાધ્યાયહૉલનું નિર્માણ થઈ રહ્યું છે. સાયલા ગામમાં આવેલ પૂ. સોભાગભાઈનું મૂળ મકાન અત્રે પુનઃ નિર્માણ કરીને તેની આબેહૂબ પ્રતિકૃતિ બનાવી છે. તે પરમકૃપાળુદેવ-સોભાગભાઈનું સ્મૃતિમંદિર-પ્રદર્શન બની ગયેલ છે. મેનેજર કુણાલભાઈ દવે (૯૪૨૮૨ ૩૭૦૮૪ તથા ૦૨૭૫૫-૨૮૦૭૯૧)નો સહકાર ઘણો હતો. સાયલા આશ્રમના ગૌશાળા, વિકલાંગ સેંટર, સમાજસેવા અને માનવતાયુક્ત જનસેવાના કાર્યો પ્રશંસનીય છે. સાયલાથી નીકળીને લખતર પાંચ વાગ્યે પહોંચ્યા (૫૦ કિ.મી.).

લખતર કોબાના મુમુક્ષુ તથા તીર્થયાત્રા સમિતિના મુખ્ય સંયોજક શ્રી પંકજભાઈ શાહનું વતન છે. તેમણે અને હીનાબેને સાંજના અલ્પાહાર સહિત જાત્રા-સંઘની સગવડ સરસ રીતે સાચવેલ. પંકજભાઈએ તેમના બાળપણના સ્મરણો સાથે ગામનું તળાવ, તેમની સ્કૂલ, ઘર, દેરાસર વગેરે દેખાડ્યા. દેરાસરમાં ૨૦૦ વર્ષ જૂની મૂળનાયક આદિનાથ ભગવાનની મૂર્તિ તથા શત્રુંજય પટદર્શન રમણીય છે. લખતરથી નીકળીને કોબા રાત્રે ૧૦ વાગે પહોંચ્યા (૧૧૦ કિ.મી.). કોબા મંદિરજીના મૂળનાયક પાર્શ્વનાથ ભગવાન, સ્વાધ્યાયહૉલના શાંતિનાથ ભગવાન અને પરમકૃપાળુદેવની કૃપાથી તથા પૂ.શ્રી આત્માનંદજી અને પૂ. બહેન શ્રી શર્મિષ્ઠાબેનના આશીર્વાદથી જાત્રા નિર્વિઘ્ને સાનંદ સંપન્ન થઈ.

કોબાના ઉત્તમ મુમુક્ષુ શ્રી નવીનભાઈ શાહ (કાંદીવલી - મુંબઈ)ના ધર્મપત્ની મુમુક્ષુ ઉર્મિલાબેનના જન્મદિન તથા તેમના સુપુત્ર અજયભાઈ - મનીષાબેનની લગ્નતિથિ નિમિત્તે, તેમણે સમગ્ર જાત્રાના ખર્ચ પેટે રૂા. ૪૧,૦૦૦/- યોગદાન આપ્યું, તે બદલ સંસ્થા અને જાત્રાળુઓ તેમને સાભાર અનેકશઃ ધન્યવાદ પાઠવે છે.

જાત્રાના આયોજન અને સફળતા માટે તીર્થયાત્રા સમિતિ (મુખ્ય પંકજભાઈ શાહ, અરુણભાઈ બગડિયા, નવીનભાઈ શાહ, મહેન્દ્રભાઈ ખંધાર તથા વીણાબેન ખંધાર) તથા આદ. મનહરભાઈ જશવાણીને સાભાર ધન્યવાદ. • • •

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

- **મેડિકલ સેન્ટર :**

  (૧) શ્રી શ્યામલ સુયોગ ટ્રસ્ટ, નવરંગપુરા, અમદાવાદ — રૂ. ૩૭,૪૯,૦૮૦/-
  હસ્તે શ્રી હીનાબેન શાહ તથા શ્રી નેહાબેન શાહ

- **ભોજનાલય :**

  (૧) શ્રી નેમિલાબેન ગગનેશભાઈ ભોગીલાલ સંઘવી, ચેન્નાઈ — રૂ. ૧,૫૧,૦૦૦/-
  હસ્તે : મિત્તલ, કિંજલ અને અક્ષિત સંઘવી (ભોજનશાળા કાયમી તિથિ)

  (૨) આદ. ચંદ્રિકાબેન વીરચંદભાઈ પંચાલી, બોટાદ — રૂ. ૧૦,૦૦૦/-

- **સાધારણ ખાતું :**

  (૧) સ્વ. કંચનબેન વિનયકાન્ત દોશીના સ્મરણાર્થે — રૂ. ૩૮,૦૦૦/-
  હસ્તે : તેઓના પરિવારજનો - સોલા, અમદાવાદ

  (૨) શ્રી જ્યોતિબેન નરેન્દ્રભાઈ શાહ, રાજકોટ — રૂ. ૨૧,૦૦૦/-

- **છાશકેન્દ્ર સહાય :**

  (૧) ડૉ. મહેન્દ્રભાઈ નાણાવટી તથા જ્યોતિબેન નાણાવટી, યુ.એસ.એ. — ૫૫૦ ડોલર
  (છેલ્લા દશ વર્ષથી ડૉ. મહેન્દ્રભાઈ નાણાવટી સંસ્થા સંચાલિત છાશકેન્દ્રો માટે આર્થિક સહયોગ આપતા રહ્યા છે, જે બદલ સંસ્થા તેઓ પ્રત્યે વિશેષ આભાર વ્યક્ત કરે છે.)

- **પ્રકીર્ણ :** (૧) શ્રી કિરીટભાઈ સંઘરાજકા, યુ.કે. — રૂ. ૧૨,૦૦૦/-
  (જ્ઞાનદાન + ગુરુકુળ + મેડિકલ + પુસ્તક પ્રકાશન + ભોજનાલય + સાધારણ)

## શ્રી આત્મસિદ્ધિ પારાયણ

આપણા આશ્રમના ઉત્તમ મુમુક્ષુ વીણાબેન મહેન્દ્રભાઈ ખંધાર તથા તેમના ભાઈ હરીશભાઈ જયંતીલાલ સંઘવી તરફથી તેમના પિતાશ્રી સ્વ. જયંતીલાલ ખીમચંદ સંઘવીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે તેમના આત્મશ્રેયાર્થે આપણી સંસ્થામાં શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનું પારાયણ રાખેલ.

પ્રસંગને અનુરૂપ આદ. બા.બ્ર.શ્રી સુરેશજીએ ભર્તુહરિના વૈરાગ્ય શતકના શ્લોક - ૩૪ (વચનામૃત પૃ. ૩૩) પર સંસાર તથા જીવનના ૯ ભયનું સ્વરૂપ તથા અભય એક માત્ર વૈરાગ્ય પર મનનીય સ્વાધ્યાય આપેલ. ગુણાનુવાદમાં સૌ પ્રથમ ભાઈ હરીશભાઈએ તેમના સ્વ. બાપુજી જયંતિભાઈના જીવન-કવન વિષે સંક્ષિપ્ત માહિતી આપી. ખોલડીયાદ (સુરેન્દ્રનગર જિલ્લો)માં જન્મ, લીંબડીમાં અભ્યાસ, મુંબઈમાં નોકરી-

ધંધો-વસવાટ, જૈન સંઘના કાર્યકર, ફરિયાદ વિનાનું સાદું પણ ઉલ્લાસભર્યું જીવન, ૯૭ વર્ષની જૈફ વયે પણ નવું જાણવાનો ઉત્સાહ, તીર્થયાત્રા-પ્રવાસના ઉમંગી વગેરેની સરાહના કરી. ત્યાર પછી આદ. મુમુક્ષુ મહેન્દ્રભાઈ ખંધારે બાપુજીના શાંત ભાવે સ્વીકાર, ધર્મ ભાવના, તપ આરાધના, સ્વાશ્રયીપણું, રાષ્ટ્રપ્રેમ, સરળતા વગેરે સદ્‌ગુણોની અનુમોદના કરી. તેઓ ભારતભૂષણ સ્વ. પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીના પિતરાઈ ભાઈ હતા. ૧૯૩૭માં હરિપુરા કોંગ્રેસ અધિવેશનમાં બાપુજી સ્વયંસેવક તરીકે ગાંધીજી, સરદાર પટેલ, નેહરુ, સુભાષચંદ્ર બોઝ વગેરેના સંપર્કમાં આવેલ. ખંધાર કુટુંબના વડીલ શ્રી કિશોરભાઈ ખંધારે સ્વ. જયંતીભાઈના મિલનસાર આનંદી સ્વભાવ અને જીવન પ્રત્યેના સકારાત્મક અભિગમની પ્રશંસા કરી હતી. સુરેન્દ્રનગરથી આવેલ રેડક્રોસ તથા લાયન્સના પ્રમુખ તથા વીણાબેનના પિતરાઈ ભાઈ શ્રી નવીનચંદ્ર કાનજીભાઈ સંઘવીએ બાપુજીના કૌટુંબિક વાત્સલ્ય અને માયાળુ સ્વભાવની અનુમોદના કરી.

બાપુજી અવારનવાર કોબા આવતા અને રહેતા. તેમને પૂ. સાહેબજી અને કોબા આશ્રમ પ્રત્યે ઘણો અહોભાવ હતો. પૂ. સાહેબજીએ જયંતીભાઈના સદ્‌ગુણોની અનુમોદના કરીને જીવનમાં અપનાવવાનો અનુરોધ કર્યો. પૂ. બહેનશ્રીએ અંતમંગલમાં સ્વ. જયંતીભાઈના આત્માની શાંતિ અને સદ્‌ગતિ માટે પ્રાર્થના અને શુભેચ્છા વ્યક્ત કર્યા. આ પ્રસંગે અમદાવાદ, મુંબઈ, સુરેન્દ્રનગર, જોરાવરનગરથી ઘણા કુટુંબીજનો શ્રદ્ધાંજલિ અર્થે આવેલ. સ્વ. જયંતીભાઈ સંઘવી પરિવાર તરફથી સ્વામિવાત્સલ્ય રાખેલ. પરિવારે બાપુજીની પુણ્યસ્મૃતિરૂપે આપણી સંસ્થામાં કાયમી તિથિ લખાવેલ છે.

## ડો. કુમારપાળ દેસાઈને એનાયત થયેલો રણજિતરામ સુવર્ણચંદ્રક


ગુજરાત સાહિત્ય સભા તરફથી જાણીતા સાહિત્યકાર, પત્રકાર અને વિચારક ડૉ. કુમારપાળ દેસાઈને ૨૦૧૫નો રણજિતરામ સુવર્ણચંદ્રક અર્પણ કરતા સંસ્થાના પ્રમુખ શ્રી ધીરુભાઈ પરીખે કહ્યું કે કુમારપાળનું વ્યક્તિત્વ બહુઆયામી છે અને એમણે અનેક ક્ષેત્રોમાં પોતાની આગવી પ્રતિભા કંડારી છે. આ પ્રસંગે ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિશ્રી ડૉ. ચંદ્રકાન્ત મહેતાએ કહ્યું કે દેશ-વિદેશમાં પોતાની સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રતિભાથી આગવી છાપ પાડનાર કુમારપાળ દેસાઈએ પિતા જયભિખ્ખુના પુત્ર તરીકે પિતાના વારસાની સુરક્ષા કરીને પિતા કરતા સવાયા સિદ્ધ થયા છે. તેઓ માત્ર વિશ્વકોશના માણસ નથી, પણ ભીના હૃદયનાં પ્રસન્નતાભર્યા આદમી છે. બહુમુખી પ્રતિભાશાળી વ્યક્તિત્વવાળા કુમારપાળ દેસાઈ જ્ઞાનની ગંગોત્રી છે. જિંદાદિલીની યમનોત્રી છે અને અક્ષરની અલકનંદા નર્મદાની નમ્રતા છે.

ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી બળવંત જાનીએ કહ્યું કે ગુજરાતી મધ્યકાલીન સાહિત્યમાં પ્રાચીન હસ્તપ્રત આધારિત સંશોધન કરીને એ પછી કુમારપાળ દેસાઈ વિવેચનક્ષેત્રે સતત ક્રિયાશીલ રહીને એમણે અનેક વિષયોમાં પ્રદાન કર્યું છે. એમના નિબંધલેખો એ ગુજરાતના પ્રાચીન વારસાને સાંપ્રત સમય સાથે જોડી આપતા હોવાથી ગુજરાતનું આભરણ છે. આપણે આવી પ્રતિભાના સમકાલીન હોવાનું ગૌરવ અનુભવી શકીએ છીએ. જ્યારે સાહિત્યસભાના મંત્રી પ્રફુલ્લ રાવળે કહ્યું કે ગુજરાતી વિશ્વકોશ અત્યારે જે હરણફાળ ભરી રહ્યો છે એની પાછળ કુમારપાળ દેસાઈનો અવિરત પુરુષાર્થ, સૂઝ અને કાર્યનિષ્ઠા છે. ડૉ. ધીરુભાઈ ઠાકર વિશ્વકોશ પ્રવૃત્તિના કૃષ્ણ હતા અને કુમારપાળ તેના અર્જુન છે.

સન્માનના પ્રત્યુત્તરમાં ડૉ. કુમારપાળ દેસાઈએ માતૃભાષા ગુજરાતીની વર્તમાન પરિસ્થિતિ વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા અને કહ્યું કે જો ગુજરાતની પ્રજાએ પોતાની સર્જનાત્મકતા, સાંસ્કૃતિક વિરાસત

અને દાર્શનિક ગ્રંથોની મૂડી સાચવવી હોય તો માતૃભાષા જાળવવી જરૂરી છે. તમે માતૃભાષાની રક્ષા કરો, તો માતૃભાષા તમારું રક્ષણ કરશે. કોઈ પણ સમાજમાં પહેલાં માતૃભાષા ભ્રષ્ટ થયા પછી સમાજનું ચિત્ત અને પર્યાવરણ પ્રદૂષિત થાય છે. ભાષાના સંસ્કાર માટી, પાણી અને હવામાં અંકુરિત થાય છે. આ પ્રસંગે એમણે માતૃભાષા ગુજરાતી માટે સહુના સહિયારા પ્રયાસથી કેવા નવા આંદોલનો કરવાના શરૂ કર્યા છે, તેની વાત કરી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. નલિની દેસાઈએ કર્યું હતું. કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં સાહિત્યકારો, સમાજસેવકો, કેળવણીકારો, ઉદ્યોગપતિઓ અને પત્રકારત્વ જગતના વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા.

## વૈરાગ્ય સમાચાર



**[૧] મુંબઈ :** આપણી સંસ્થાના મુમુક્ષુશ્રી શરદભાઈ ડેલીવાળા તથા શ્રી યોગેશભાઈ ડેલીવાળાના પિતા**શ્રી ભીખાલાલ મોહનલાલ ડેલીવાળા**નું ૮૯ વર્ષની વયે ૩૧ ડિસેમ્બર ૨૦૧૬ના રોજ દેહાવસાન થયેલ છે. સદ્‌ગત્‌નું સમગ્ર જીવન ધર્મમય હતું. શાંતિ, સમતા, કરુણા તથા વાત્સલ્યના ભાવો તેમણે આત્મસાત્ કરેલા, તે તેમના વ્યવહારમાં ઉડીને આંખે વળગે તેવા ગુણો હતા. સત્‌દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેની તેઓની શ્રદ્ધા ખરેખર પ્રશંસનીય હતી. ચિંતન-મનન દ્વારા દરરોજની ૪ થી ૫ સામાયિક, પ્રાર્થના, પૂજા, પ્રતિક્રમણ વિગેરે તેમના જીવનના અનિવાર્ય અંગ હતા. પૂજ્યશ્રી પ્રત્યે તેઓને અત્યંત અહોભાવ હતો. અવારનવાર તેમના ધર્મપત્ની વિમળાબેન સાથે સંસ્થામાં લાંબો સમય રહીને સત્સંગ-ભક્તિનો લાભ લઈને આત્મકલ્યાણની પ્રવૃત્તિમાં રત રહેતા હતા. ધર્મની આરાધના દ્વારા તેઓએ માનવભવને સાર્થક કર્યો અને પોતાના પરિવારજનોને ધર્મનો વારસો સોંપી ગયા. હૃદયના તેઓ નિખાલસ અને સરળ હતા. અંત સમયે કુટુંબીજનોની હાજરીમાં નવકારમંત્ર, માંગલિક અને સાગારી સંથારો કરીને શાંત સમત્વભાવમાં રહી પ્રભુસ્મરણ સાથે દેહત્યાગ કર્યો. તેમની શાંતિસભર જીવનયાત્રા ખરેખર અનુકરણીય અને પ્રશંસનીય છે. સદ્‌ગતના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે અને તેઓ આગામી થોડાક ભવોમાં પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



**[૨] મુંબઈ :** આપણી સંસ્થામાં હિસાબ-ઓડિટની સેવાઓ આપનાર શ્રી ભરતભાઈ જી. દફતરીના ધર્મપત્ની **અ.સૌ. ઈલાબેન ભરતભાઈ દફતરી**નું તા. ૧૭-૧-૨૦૧૭ના રોજ દેહાવસાન થયું છે. તેઓ નિયમિત ધર્મઆરાધના કરતા અને ધર્મઅનુષ્ઠાનો પણ કરાવતા. એક પગ કપાયેલો હોવા છતાં તેઓ નિયમિત ઉપાશ્રયમાં સામાયિક કરવા જતા ! દશા શ્રીમાળી સ્થાનકવાસી સંઘની ૧૪ શ્રેણીની ધર્મની પરીક્ષા તેઓએ પાસ કરી હતી. તેઓ ઉપાશ્રયના મહિલામંડળના પ્રમુખ હતા. તેઓ શિક્ષણપ્રેમી હતા. જીવદયા અર્થે તેઓ દાન પણ આપતા હતા. તેઓ સદા પ્રસન્ન રહેતા અને અન્યને પ્રસન્ન રાખતા. જિંદગીને સાચી રીતે માણવાનું તેઓ શીખવતા. તેઓ મધુરકંઠી અને કલાત્મક અભિગમ ધરાવતા હતા.

અશાતા વેદનીય કર્મના ઉદયને તેઓ શાંતભાવે ભોગવતા અને આવી સ્થિતિમાં પણ ધર્મક્રિયા કરવાનું ચૂકતા નહીં. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે અને આગામી થોડા ભવોમાં તેઓ પરમ પદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

## સંસ્થા આયોજિત કૃપાળુદેવના તીર્થસ્થળો (વવાણિયા, મોરબી, રાજકોટ, સાયલા)ની યાત્રા વેળાએ (તા. ૨૦-૧-૧૭ થી ૨૨-૧-૧૭)


પૂ. ભાઈશ્રીના સાન્નિધ્યમાં, સાયલા


શ્રી પંકજભાઈ સોનીના નિવાસસ્થાને, લખતર

## આદ. નરેન્દ્રભાઈ/જ્યોતિબેન શાહના નિવાસસ્થાને પ્રતિષ્ઠા વેળાએ (રાજકોટ)













**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
**Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal**
**Regd. No. : GAMC - 309/2015-2017 issued by SSP Ahmedabad valid upto 31-12-2017**
**Publication Date 15th of every month**



પૂજ્યશ્રી આત્માનંદજી
તથા પૂજ્ય આચાર્યશ્રી
રત્નસુંદરસૂરીશ્વરજી
મ.સા. સાથે
સત્સંગ વેળાએ



ડૉ. કુમારપાળ દેસાઈને
રણજિતરામ સુવર્ણચંદ્રક
એનાયત થયો તે
વેળાની તસવીર



**આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા**

૧ 'દિવ્યધ્વનિ' ફેબ્રુઆરી - ૨૦૧૭ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ

**સ્વ. સુધાબેન નવીનચંદ્ર વેલજીભાઈ પાસદ** (મુલુન્ડ, મુંબઈ)ની જન્મતિથિ નિમિત્તે

પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

૨ 'દિવ્યધ્વનિ' ફેબ્રુઆરી - ૨૦૧૭ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

**સ્વ. કાંતિભાઈ વજેશંકર વખારિયાના સ્મરણાર્થે**

હસ્તે : આદ. નીલાબેન તરૂણભાઈ વખારિયા, સાયન (પૂર્વ), મુંબઈ

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007.
Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate,
Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah